# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૧ તા.૦૩-૧૧-૨૦૨૧

***તાકિદનું - આચારસંહિતા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨***

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે આદર્શ આચારસંહિતા બાબત.

સંદર્ભ :-
૧. સામાન્ય વહીવટ વિભાગ પરિપત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૨૨/૧૪૨/છ/સચિવાલય, ગાંધીનગર તા.૦૩-૧૧-૨૦૨૨
૨. રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક તા.૦૬-૦૧-૨૦૧૦
૩. ક્રમાંક ઈએલસી/૧૦૨૦૧૯/૬૩/છ/-મુખ્ય નિર્વાચિન અધિકારી ચૂંટણી આયોગ તા.૧૦-૦૩-૨૦૧૯
૪. નોડલ અધિકારીશ્રી આચારસંહિતા અમલીકરણ,અ.મ્યુ.કો. દ્વારા તા.૦૩-૧૧-૨૦૨૨ ના રોજ મળેલ ઈ.મેઈલ

*આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવામાં આવે છે કે,* વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ તા.૦૧-૧૨-૨૦૨૨ તથા તા.૦૫-૧૨-૨૦૨૨ ના રોજ યોજવાની થાય છે. સદર વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે પાળવાની થતી આચારસંહિતાનો સંદર્ભ દર્શિત પત્ર આ સાથે સામેલ છે. જેનો અભ્યાસ કરી આપેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરશો - કરાવશો.

૧) *રાજકીય પક્ષો અને ચૂંટણીના ઉમેદવારો દ્વારા જાહેર મિલકત ઉપર કોઈપણ જાતના લખાણ, સૂત્રો, ધ્વજદંડ કે પોસ્ટર લગાડી કે ચોંટાડી શકાશે નહી.તેથી શાળાની કમ્પાઉન્ડ વોલ પર આ પ્રમાણેની પ્રચારને લગતી કોઈપણ કાર્યવાહી કરવા દેવી નહી.આ અંગે શાળાના પગીને તથા સિક્યુરીટી ગાર્ડને પણ લેખિત સૂચના આપવી અને પરિપત્રમાં નોંધ લેવડાવવી.*

૨) *ચૂંટણીના સમયગાળા દરમિયાન શાળાના કંપાઉન્ડમાં અંદરની બાજુએ વિશાળ કટઆઉટ, જાહેરાતના પાટીયાં બેનર વિગેરે રાજકિય પક્ષો કે ચૂંટણીના ઉમેદવારોને મુકવા દેવા નહી.*

૩) *શાળાના કંપાઉન્ડમાં ચૂંટણીને લગતી કોઈ સભાઓ કે મિટીંગો કરવા દેવી નહી. શાળાના કમ્પાઉન્ડમાં બહારની કોઈપણ અનધિકૃત વ્યક્તિ સાથે ચૂંટણીને લગતી ચર્ચા કરવી નહીં તથા સ્ટાફનો કોઈ કર્મચારી આ પ્રવૃત્તિ ન કરે તેનું ધ્યાન આપવું.*

૪) *શાળાની કંપાઉન્ડ વોલ ઉપર તમારી જાણ બહાર પોસ્ટર લાગે કે ચૂંટણીને લગતી અન્ય* આચારસંહિતાનો ભંગ થાય તેવી *કાર્યવાહી થયેલ જણાય તો તાત્કાલિક આ અંગેની જાણ તમારા ઝોનના આસિ.એ.ઓ.શ્રીને કરવી.*

૫) મતદાન મથકોવાળી શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ શાળામાં આચારસંહિતાનો ભંગ થાય તેવા કોઈ કાર્યક્રમનું આયોજન કરવું નહીં.

૬) મતદાન મથકોના રૂમમાં જરૂરી સાફસફાઈ કરાવી રૂમોમાં જરૂરીયાત મુજબના ટેબલ ખુરશી રાખી બાકીનો સામાન તાકીદે હટાવી લેવો.

૭) મતદાન મથકો વાળા રૂમોમાં બારીબારણા, દિવાલ, લાઈટ,પંખા તથા રેમ્પ યોગ્ય હાલતમાં ન હોય તો તે ઉપયોગમાં લઈ શકાય તે માટે એડી.સીટી ઈજનેરશ્રી, મ્યુનિ. કોર્પોરેશન, અમદાવાદના જે-તે ઝોનનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવી.

૮) મતદાન મથકો ધરાવતી શાળાઓના કમ્પાઉન્ડમાં સંપૂર્ણ સ્વચ્છતા રાખવી તથા જયારે જયારે ચૂંટણી અધિકારીશ્રીઓ કે ચૂંટણી સબંધિત અધિકારીશ્રીઓ શાળાની મુલાકાતે આવે ત્યારે શાળાનું બિલ્ડીંગ ખુલ્લું રહે તથા જરૂરી ઓબ્ઝર્વેશન કરી શકે તે રીતે તેમને સહકાર આપવા પગી / સિક્યુરીટી ગાર્ડને આદેશ કરવો. જો પગી/સિક્યુરીટી શાળામાં હાજર નહીં હોય તો તે તમારી અંગત જવાબદારી રહેશે.

૯) શાળાના પગી / સિક્યુરીટી ગાર્ડને મતદાનના આગલા દિવસે શાળાની ચાવી આપી રાખવી અને તેમના મોબાઈલ નંબર મેળવી પાસે રાખવા. શાળાના મતદાન મથક અંગેની જરૂરી સુવિધાઓ અંગેની ખાત્રી કરી લેવાની રહેશે.

૧૦) *સ્કૂલ બોર્ડના કોઈપણ કર્મચારીઓની આચારસંહિતાના સમયગાળા દરમ્યાન લાંબી રજા મંજૂર કરવામાં આવશે નહીં, તથા અનિવાર્ય કારણ સિવાય કેજ્યુઅલ રજા પણ મંજૂર કરવામાં આવશે નહી. જેથી અત્રે કોઈએ ભલામણ કરવી નહીં.*

૧૧) પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યાવસાયિક શિક્ષણ સંસ્થા સંકુલો / મકાનોનો ઉપયોગ કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર / ટેકેદારો / મંત્રીશ્રી રાજકીય પ્રવૃત્તિ માટે કોઈપણ સંજોગોમાં કરી શકશે નહીં.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૩-૧૧-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**Nodel Officer : for Implementing MCC (CITY Area)**
**૪૦૨, નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ, ચોથે માળ,**
**નવરંગપુરા બસ સ્ટેન્ડની બાજુમાં, અમદાવાદ-૩૮૦ ૦૦૯.**
**ફોન નં:** ૯૫૧૨૦૧૦૩૯૯, ઈ-મેઈલ: mccnodal2022@gmail.com

---

**તાકીદનું/આચાર સંહીતા** **ઈ-મેઈલ મારફત**
**વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨**

**પ્રતિ,**
**મ્યુનિસિપલ સેક્રેટરી શ્રી,**
**શાસનાધિકારી શ્રી,ન.પ્રા.શિ.સ.**
**ટ્રાન્સપોર્ટ મેનેજર શ્રી, એ.એમ.ટી.એસ.**

ભારતના ચૂંટણી પંચ દ્વારા, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ બે-તબક્કામાં તા.૦૧/૧૨/૨૦૨૨ તથા તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ યોજવા તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજ પ્રેસ કોન્ફરન્સ દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે. આથી આ ચૂંટણીઓમાં, ચૂંટાયેલા ઉમેદવારો, પ્રતિનિધિઓ અને રાજકીય પક્ષો માટે આદર્શ આચારસંહીતા ચૂંટણી જાહેરાતની તારીખથી જ અમલમાં આવે છે. આ આચારસંહીતાની કેટલીક બાબતોનો અમલ મહાનગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ/પદાધિકારીઓએ પણ કરવાનો રહે છે. આ બાબત અંગે સચિવ શ્રી, રા.ચુ.આ. દ્વારા કરવામાં આવેલ **પરિપત્ર: "આચારસંહિતા શું કરવું-શું ન કરવું?" ક્રમાંક:** રાચપ/ચટણ/સી.ઓ.સી./સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૨૨૦૦૯/ક તા.૬/૧/૨૦૧૦ તથા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવેલ પરિપત્ર ક્રમાંક: ઈએલસી / ૧૦૨૦૧૯ / ૬૩ / છ (MCC) તા.૧૦/૦૩/૨૦૧૯ ની નકલ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જેમાં જણાવ્યા મુજબની વિગતોનો અમલ કરવાનો થશે. આથી જે તે સંબંધકર્તા ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, મહાનુભાવોને આ બાબતની નોંધ આપની કક્ષાએથી લેવડાવવા ઘટતું કરવા વિદીત છે.

**સહી: રમ્યકુમાર ભટ્ટ**
**નોડલ અધિકારી,**
**આચારસંહિતા અમલીકરણ (શહેરી વિસ્તાર)**
**અને ડે.મ્યુનિ.કમિશનર (મધ્ય ઝોન)**

**પ્રતિ**
**નકલ રવાના-જાણમાં લઈ અમલ/કાર્યવાહી કરાવવા સારૂ.**

- ડે.મ્યુનિ.કમિશનર(ઉ.પ.ઝોન) શ્રી
- ડે.મ્યુનિ.કમિશનર(દ.પ.ઝોન) શ્રી
- ડે.મ્યુનિ.કમિશનર(મ.ઝોન) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(ઉ.ઝોન) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(દ.ઝોન) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(પૂ.ઝોન) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(પ.ઝોન) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(પ્રોજેક્ટ) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(વહીવટ) શ્રી,
- ડે.મ્યુનિ.કમિશનર(સો.વે.મે.) શ્રી,
- મ્યુ.ચીફ ઓડીટર શ્રી,
- ડાયરેક્ટર ઓફ સોલીડ-વેસ્ટ મેનેજમેન્ટ શ્રી,
- સીટી એન્જી. શ્રી,
- એમ.ઓ.એચ. શ્રી,
- જનરલ મેનેજરશ્રી, SRFDCL
- ડાયરેક્ટરશ્રી, Ahmedabad World Heritage City Trust
- એડી. એમ.ઓ.એચ.શ્રી
- એસ્ટેટ ઓફિસર શ્રી
- ડે.એસ્ટેટ ઓફિસર શ્રી(તમામ-ઝોન)
- એડીશનલ સીટી એન્જી. શ્રી(તમામ-ઝોન)
- ડે.હેલ્થ ઓફિસર શ્રી(તમામ-ઝોન)
- ડે.એચ.ઓ.ડી.શ્રી(સેન્ટ્રલ ઓફિસ)
- ગ્રંથપાલ શ્રી, મા.જે.પુસ્તકાલય,
- સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી, અ.મ્યુ.કો સંચાલિત તમામ હોસ્પિટલ
- ડે.એચ.ઓ.ડી. શ્રી, (પબ્લીસીટી)
- ડે.ડાયરેક્ટર શ્રી, એ.એમ.સી.-મેટ

ELECTION IMMEDIATE


# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

**General Administration Department (Election Division)**

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319


**ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨**

**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી/રજા પર પ્રતિબંધ બાબત.**

**સામાન્ય વહીવટ વિભાગ (ચૂંટણી પ્રભાગ)**
**પરિપત્ર ક્રમાંકઃ ઈએલસી/૧૦૨૦૨૨/૧૪૨/છ(MCC)**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ :૦૩/૧૧/૨૦૨૨**

**વંચાણમાં લીધાઃ-**

(૧) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૫/૧/૧૯૯૬નો પત્રાંકઃ-૪૩૭/૬/૯૬/પીએલએન-૩
(૨) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૭/૧/૧૯૯૬નો પત્રાંકઃ- ૪૩૭/૬/૯૬/પીએલએન-૩
(૩) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૫/૭/૧૯૯૯નો પત્રાંકઃ- ૪૩૭/૬/૯૯/પીએલએન-૩
(૪) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૫/૧/૨૦૦૨નો પત્રાંકઃ- ૪૩૭/૬/૨૦૦૨/પીએલએન-૩
(૫) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૬/૪/૨૦૦૪નો પત્રાંકઃ-૪૩૭/૬/૩૮/૨૦૦૪/પીએલએન-૩
(૬) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૩૦/૧૨/૨૦૦૪નો પત્રાંકઃ-૪૩૭/૬/૨૦૦૪/પીએલએન-૩
(૭) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧/૪/૨૦૦૬નો પત્રાંકઃ- ૪૩૭/૬/૨૦૦૪/પીએલએન-૩/વીઓએલ-૩
(૮) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૭/૧/૨૦૦૭નો પત્રાંકઃ-૪૩૭/આઈએનએસટી/૨૦૦૭/પીએલએન-૩
(૯) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨/૩/૨૦૦૯નો પત્રાંકઃ-૪૩૭/૬/૧/૨૦૦૯/સીસીએન્ડબીઈ
(૧૦) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૫/૩/૨૦૦૯નો પત્રાંકઃ-૪૩૭/૬/૧/૨૦૦૯/સીસીએન્ડબીઈ
(૧૧) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૮/૩/૨૦૦૯નો પત્રાંકઃ-૪૬૪/આઈએનએસટી/૨૦૦૯/ઈપીએસ
(૧૨) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૮/૩/૨૦૦૯નો પત્રાંકઃ૪૬૭/૬/આઈએનએસટી/૨૦૦૯/સીસી એન્ડ બીઈ અને તા.૧/૪/૨૦૦૯નો પત્રાંકઃ-૪૬૭/૬/આઈએનએસટી/૨૦૦૯/સીસી એન્ડ બીઈ
(૧૩) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીના તા.૨૪/૩/૨૦૧૧ના પત્રાંક:-૪૩૭/૬/આઈએનએસટી/ ૨૦૧૧/સીસી એન્ડ બીઈ અને તા.૧/૪/૨૦૧૧ના પત્રાંક:-૪૩૭/૬/આઈએનએસટી/૨૦૧૧/સીસી એન્ડ બીઈ
(૧૪) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૭/૪/૨૦૧૧નો પત્રાંકઃ-૪૩૭/૬/આઈએન એસટી/૨૦૧૧/સીસી એન્ડ બીઈ
(૧૫) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૦/૦૪/૨૦૧૪નો પત્રાંકઃ-૪૬૪/આઈએન એસટી/૨૦૧૪-ઈપીએસ
(૧૬) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧/૮/૨૦૨૨નો પત્રાંકઃ૪૩૭/ ૬/૧/ આઈએનએસટી/ઈસીઆઈ/એફ્યુએનસીટી /એમસીસી/૨૦૨૨




Phone No.: MCC : 23257086, SVEEP-23255746 Comp. Cell-23257494, Fax : 23257090
Training-23255745 Expenditure-23255742 Budget-23257420

**પ રિ પ ત્ર:-**

ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની **તા.૦૩/૧૧/૨૦૨૨**ના રોજ જાહેરાત કરવામાં આવેલી છે. આ ચૂંટણી માટે **તા.૦૧/૧૨/૨૦૨૨ અને તા.૦૫/૧૨/૨૦૨૨ના** રોજ મતદાન યોજાનાર છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટેની આદર્શ આચાર સંહિતા તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજથી અમલમાં આવે છે. **સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે કરવાનો રહે છે. જે સરકારશ્રીના જુદા જુદા વિભાગો/ખાતાઓને સ્પર્શે છે. આદર્શ આચાર સંહિતા બાબતે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીએ આપેલ વખતોવખતની સુચનાઓ/સ્પષ્ટતાઓ ધ્યાને લઇ, પ્રસ્તુત ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ચૂંટણી દરમિયાન નીચે મુજબની બાબતોનો સમગ્ર રાજયમાં ચુસ્તપણે અમલ થાય તે માટે સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે :-**

**૧. મંત્રીશ્રીઓ/સત્તાધિકારીઓની ચૂંટણીલક્ષી જાહેરાત/ નાણાંકીય સહાય/ પરિયોજના કે શિલારોપણ વિધિ/સરકારી સેવાઓ કે જાહેર સાહસોમાં નિમણૂક અંગેની બાબતો.**

મંત્રીશ્રીઓ અને બીજા સત્તાધિકારીઓ, સત્તાધારી પક્ષની તરફેણમાં, મતદારો પ્રભાવિત થાય તેવા હેતુસર:-

(ક) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરશે નહીં,

અથવા

(ખ) વિવેકાધીન ફંડમાંથી ચુકવણી મંજુર કરશે નહીં.

(ગ) કોઈપણ જાતની પરિયોજના કે યોજનાની(સરકારી અધિકારી / કર્મચારી સિવાય) શિલારોપણ વિધિ કરશે નહી, અથવા ઉદઘાટન/લોકાર્પણ કરી શકશે નહીં, અથવા

(ઘ) માર્ગો બાંધી આપવા, પીવાના પાણીની સગવડ કરી આપવા વગેરે અંગે કોઇ વચનો આપશે નહીં.

(ચ) સરકારી સેવાઓ કે જાહેર સાહસો વિગેરેમાં કોઇ પણ એડહોક (ad-hoc) નિમણૂકો આપી શકશે નહીં.

**૨. નીતિવિષયક બાબતોની જાહેરાત અંગે.**

ચૂંટણી દરમિયાન મતદારો પર પ્રભાવ પાડે તેવી કોઈપણ પરિયોજના/યોજના, રાહતો કે અન્ય નીતિવિષયક બાબતો રાજય સરકાર કે સત્તાધારી પક્ષ જાહેર કરી શકશે નહીં.

**3. મંત્રીશ્રીઓની કચેરી કામ અર્થે વિધાનસભા મતવિભાગની મુલાકાત અને સરકારી વાહનોના ઉપયોગ અંગે.**

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ તેમજ બોર્ડ/નિગમ/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ ચૂંટણીઓ જાહેર થયાની **તા.૦૩/૧૧/૨૦૨૨** થી ચૂંટણીઓ પૂરી થતાં સુધી કોઈપણ વિધાનસભા મત વિભાગની કચેરી કામ (Official Work) અર્થે મુલાકાત લઇ શકશે નહીં. અપવાદરૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તૂટી પડે કે કુદરતી આપત્તિને લીધે કોઇ કટોકટી ઉપસ્થિત થાય તો માત્ર તેવા પ્રસંગોએ સંબંધિત ખાતાના મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી પરિસ્થિતિ ઉપર નિયંત્રણ રાખવા કે રાહત કાર્યો ઉપર દેખરેખ રાખવા પ્રવાસ કરે, તો તે આદર્શ આચાર સંહિતાનો ભંગ ગણાશે નહીં.

**3.૧** કેન્દ્રના મંત્રીશ્રીને તેમના મુખ્ય મથક (Head Quarter) ખાતેથી કચેરી કામ અર્થે રાજય/જિલ્લાની મુલાકાત લેવી જાહેર હિતમાં અનિવાર્ય જણાય ત્યારે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગના સચિવશ્રી/મંત્રાલય દ્વારા રાજયના મુખ્ય સચિવશ્રીને ઉપર મુજબની ખાતરી કરાવતો પત્ર પાઠવવાનો રહેશે

તેમજ આ પત્રની નકલ ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીને અચૂકપણે મોકલવાની રહેશે. આ પ્રકારના પત્ર મળ્યેથી રાજયના મુખ્ય સચિવશ્રી મંત્રીશ્રીના પ્રવાસ દરમિયાન કોઇપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવનાર નથી તેની ખાતરી કરશે તેમજ કેન્દ્રના મંત્રીશ્રીને સરકારી વાહન અને નિવાસ ઇત્યાદિ રાજકીય શિષ્ટાચાર (Protocol) મુજબની સવલતો આપશે. મુખ્ય સચિવશ્રીએ મુખ્ય નિર્વાચન અધિકારીને તેની આગોતરી જાણ કરવાની રહેશે. કેન્દ્ર સરકારના મંત્રીશ્રી/મંત્રીશ્રીઓએ તેમના વતનના રાજય/સંસદીય મત વિસ્તારની અને વિશેષતઃ તેમણે જે સંસદીય મત વિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવી હોય તે સંસદીય મત વિભાગની સરકારી ફરજના ભાગરૂપે/કચેરી કામ અર્થે મુલાકાત લેવાનું નિવારવું જોઇશે.

**૩.૨** મંત્રીશ્રીને તેઓના પ્રવાસ વખતે રાજય વહીવટી તંત્રે સશસ્ત્ર ગાર્ડ રાખવાની જરૂરી હોય તેવી સલામતી વ્યવસ્થા મંજુર કરી હોય તો પણ, મંત્રીશ્રી તેઓની અંગત મુલાકાત વખતે જેનાથી મંત્રીશ્રીની હાજરીની જાણ થાય તેવી કોઇપણ પાઇલોટ કાર કે કોઇપણ રંગની બીકન લાઇટ સાથેની કાર અથવા કોઇપણ સાયરન લગાવેલી કારનો ઉપયોગ કરી શકશે નહીં.

**૩.3** મંત્રીશ્રીઓ તેમને ફાળવવામાં આવેલ કે અન્ય સરકારી વાહનોનો ઉપયોગ માત્ર તેમના મુખ્ય મથકમાં રહેઠાણેથી કચેરી આવવા અને પરત જવા માટે જ કરી શકશે. વધુમાં, રહેઠાણથી કચેરી જવાના માર્ગમાં પક્ષની કચેરી આવતી હોય તો પણ તેમને ફાળવેલ વાહન (Official Vehicle)માં પક્ષની કચેરીની મુલાકાત લઇ શકશે નહીં.

## ૪. <u>કેન્દ્ર/રાજય સરકારના મંત્રીશ્રીઓ વગેરેએ ચૂંટણી પ્રચાર કાર્ય માટે સરકારી વાહનોનો ઉપયોગ નહીં કરવા બાબત.</u>

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ વિગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સંબંધકર્તા બાબતો અંગે કોઇપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલિકોપ્ટર, એરક્રાફ્ટ, કાર, જીપ, ઓટોમોબાઇલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજય સરકારના જાહેર સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ખરીદ વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જીલ્લા-તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાનો જરા પણ હિસ્સો હોય તેવી કોઇપણ સંસ્થાઓના વાહનોનો ચૂંટણી પ્રચાર માટે બિલકુલ ઉપયોગ કરી શકાશે નહીં.

## ૫. <u>કેન્દ્ર/રાજય સરકારના મંત્રીશ્રીઓ વગેરેએ ચૂંટણી સંબંધી પ્રવાસ દરમ્યાન ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ/કર્મચારીઓ સાથે બેઠક નહીં યોજવા બાબત.</u>

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ કે કોર્પોરેશનના બિનસરકારી પદાધિકારીઓ ચૂંટણી સંબંધી પ્રવાસમાં હોય ત્યારે ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે મીટીંગ કરી શકશે નહીં તેમજ તેઓને ગાંધીનગર સહિત અન્ય સ્થળે બેઠક માટે બોલાવી શકશે નહીં.

**૫.૧** કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ કે અન્ય પદાધિકારીઓ ચૂંટણી પ્રચાર અર્થે જિલ્લાના પ્રવાસમાં હોય ત્યારે ગાંધીનગર કે અન્ય કોઇ પણ સ્થળોએ કલેકટરશ્રી/ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તેમજ ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અન્ય અધિકારી/કર્મચારીઓ તેમને મળશે નહીં. જો કોઇપણ અધિકારી/કર્મચારી, જયાં ચૂંટણીનું સંચાલન થઇ રહ્યું હોય તે મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર અર્થે મંત્રીશ્રીની અંગત મુલાકાત વખતે તેમને મળશે તો તે અધિકારી/કર્મચારીએ તેઓને સંબંધિત શિસ્ત અને સેવા વિષયક નિયમો હેઠળ ગેરવર્તણૂંક (Misconduct) દાખવેલી હોવાનું ગણી દોષિત

ગણવામાં આવશે. અને જો તે અધિકારી/કર્મચારી **લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૨૯(૧)** માં દર્શાવ્યા છે તે પૈકીના (દરેક અધિકારી, કલાર્ક, એજન્ટ, અથવા બીજી વ્યકિત કે જેઓ ચૂંટણીમાં મતદાન અને મતગણતરી સંબંધી કોઇપણ કામગીરી બજાવે છે એ પૈકીના) હશે તો તેઓએ શિસ્ત અને સેવા વર્તણૂંક નિયમનો ભંગ કર્યો ગણાશે. તદ્ઉપરાંત લોકપ્રતિનિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની ઉપર્યુકત કલમની વૈધાનિક જોગવાઇનો ભંગ કરેલો માનવામાં આવશે અને તે હેઠળ નિયત કાર્યવાહી/શિક્ષાને પાત્ર થશે.

**૫.૨** કલેકટરશ્રી/ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી અને ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ/કર્મચારીઓ જયારે રાજય કે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ કે અન્ય પદાધિકારીઓ ચૂંટણી પ્રચાર અર્થે જિલ્લામાં પ્રવાસમાં આવે ત્યારે તેમજ ગાંધીનગર ખાતે કે અન્ય કોઇ સ્થળે પણ તેઓને મળશે નહીં.

## ૬. મુખ્યમંત્રીશ્રીઓ/મંત્રીશ્રીઓ વગેરેએ ચૂંટણી પ્રવાસમાં સરકારી કર્મચારી/અધિકારીઓને સાથે નહીં લઇ જવા બાબત.

**૬.૧** આદર્શ આચાર સંહિતાના અમલના સમયગાળા દરમિયાન રાજયો/કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રીશ્રીઓ અને કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ તેમની વ્યકિતગત/અંગત મુલાકાત સમયે તેમના અંગત સ્ટાફ પૈકીના એક બિનરાજયપત્રિત અધિકારીને સાથે રાખી શકશે. આ બિનરાજયપત્રિત અધિકારી કોઇ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકશે નહીં અગર કેન્દ્રના મંત્રીશ્રી/મુખ્યમંત્રીશ્રીને તેમના રાજકીય કામકાજમાં મદદ કરી શકશે નહીં. આદર્શ આચાર સંહિતાના અમલ દરમિયાન અંગત સ્ટાફ લઇ જવા અંગેના નિયંત્રણ અંગેની ઉપરોકત સૂચનાઓ ભારતના પ્રધાનમંત્રીશ્રીને લાગુ પડશે નહીં.

**૬.૨** મંત્રીશ્રીઓ તેમજ સરકારી નિગમો/બોર્ડના બિનસરકારી પદાધિકારીઓ ચૂંટણી પ્રવાસમાં જાય ત્યારે સરકારી કર્મચારીઓને તેમની સાથે લઇ જઇ શકશે નહીં.

## ૭. રાજયમાં ચૂંટણી પ્રચાર અર્થે આવતા કેન્દ્ર સરકાર કે અન્ય રાજયના મંત્રીશ્રીઓની મુલાકાત અંગે.

ચૂંટણી કામે પ્રવાસમાં આવતા કેન્દ્ર સરકારના કે અન્ય રાજયના મંત્રીશ્રીઓ અને બિનસરકારી પદાધિકારીઓ વગેરેને **રાજયના અતિથિ** ગણી શકાશે નહીં. જો તેઓને સરકારી અતિથિ ગૃહોમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસે સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

## ૮. વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગ બાબત.

**૮.૧** વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકના ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે. પરંતું કોઇપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણાં)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ (Casual Meeting) ને પણ મંજુરી આપી શકાશે નહીં.

**૮.૨** ચૂંટણી પ્રચારમાં આવેલાં જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઇ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ આ માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો તેઓ બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખી શકાશે નહીં.

**૮.૩** કોઇ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતાં કોઇપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાં વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

**૮.૪** જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની (Z Scale) કે જે તે રાજયના કાયદાની જોગવાઇ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતું, ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે.

**૮.૫** જો કે રાજકીય પદાધિકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઇપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ હાથ ધરી શકશે નહીં.

## ૯. રાજય સરકારની નાણાંકીય સંસ્થાએ લોન માંડવાળ કરવા વગેરે બાબત.

રાજય સરકાર દ્વારા સંપૂર્ણ અથવા આંશિક નાણાંકીય સહાય મેળવતી કોઇપણ નાણાંકીય સંસ્થાએ કોઇપણ વ્યકિત કે કંપનીને આપેલી લોન આચાર સંહિતાનો અમલ કરવાના સમયગાળા દરમિયાન માંડવાળ કરી શકાશે નહીં. તે જ રીતે આવી નાણાંકીય સંસ્થાઓએ લોન આપવાની રકમની જે મર્યાદા નકકી કરી છે તે મર્યાદા આચાર સંહિતાનો અમલ કરવાના સમયગાળા દરમિયાન વધારી શકાશે નહીં.

## ૧૦. રાજકીય સમાચારો/સિદ્ધિઓના પ્રચારમાં સરકારી નાણા/માધ્યમના ઉપયોગ અંગે.

ચૂંટણી દરમિયાન સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોનો અને સિદ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો દ્વારા સરકારી ખર્ચ/જાહેર નાણા દ્વારા ન કરવામાં આવે, તેમજ સરકારી માધ્યમનો દુરુપયોગ ન થાય તે જોવાનું રહેશે.

## ૧૧. ચૂંટણી સભાઓ યોજવા મેદાન અને હેલીપેડના ઉપયોગ બાબત.

મેદાન વગેરે જેવા જાહેર સ્થળોનો ચૂંટણી સભાઓ યોજવા માટે તેમજ ચૂંટણીની બાબતમાં હવાઇ ઉડ્ડયન માટે હેલીપેડનો ઉપયોગ કરવામાં સત્તાધારી પક્ષ એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં. સત્તાધારી પક્ષ જે શરતોએ તેનો ઉપયોગ કરતો હોય એ જ શરતોએ અન્ય પક્ષો અને ઉમેદવારોને આવા સ્થળો અને સવલતોનો ઉપયોગ કરવા દેશે.

## ૧૨. શૈક્ષણિક સંકુલોનો રાજકીય પ્રવૃત્તિ માટે ઉપયોગ.

પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યવસાયિક શિક્ષણ આપતાં સંકુલો/મકાનો/સ્થળોનો ઉપયોગ **સામાન્ય સંજોગોમાં** કોઇપણ રાજકીય પક્ષના ઉમેદવાર/ટેકેદારો/મંત્રીશ્રી દ્વારા રાજકીય પ્રવૃત્તિ માટે થઇ શકે નહીં. અલબત્, રાજયમાં ચૂંટણી પ્રચારના હેતુ માટે મેદાનો ઉપલબ્ધ ન હોવાથી શાળા અને કોલેજોના મેદાનોનો ઉપયોગ કરવા માટે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. શાળા અને કોલેજોના શૈક્ષણિક સમયપત્રકને કોઇપણ સંજોગોમાં અસર થવી જોઇએ નહીં.

૨. શાળા/કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઇએ નહીં અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફિસરની અગાઉથી મંજૂરી લીધી હોવી જોઇએ.

૩. આવી મંજુરી વહેલાં તે પહેલાંના ધોરણે આપેલી હોવી જોઇએ. કોઇપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.

૪. શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટેની ફાળવણીમાં કોઇ ભંગને ચૂંટણી આયોગ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબ ડીવીઝનલ ઓફિસરની રહેશે.

૫. રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઇપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઇ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

## ૧૩. સરકારી વેબસાઇટ ઉપરથી પ્રચારાત્મક વિગતો દૂર કરવા બાબત.

કેન્દ્ર/રાજય સરકારના વિભાગો/તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન/જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ/તાલુકા કક્ષાની તમામ કચેરીઓ/ત્રિસ્તરીય પંચાયતોની કચેરીઓ/નગરપાલિકાઓની તમામ કચેરીઓ અધિકૃત વેબસાઇટ ઉપરથી કેન્દ્ર સરકારના મંત્રીશ્રી/ મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રી/સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રી/મેયરશ્રી/પ્રમુખશ્રી, નગરપાલિકાઓ/ રાજકીય પદાધિકારીઓની તસવીરો/સંદેશાઓ/રાજય સરકારની વિવિધ યોજનાઓની સિદ્ધિની આંકડાકીય માહિતી/આલેખ/સાફલ્ય ગાથાઓ/ફોટોગ્રાફ્સ/કેરી કેચર્સ ઇત્યાદી પ્રચારાત્મક વિગતો ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા જયારે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખથી દૂર કરવાની રહેશે.

## ૧૪. સરકારી કે જાહેર મકાનોમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી/મંત્રીશ્રી/અન્ય કોઇપણ મહાનુભાવોના ફોટોગ્રાફ્સ સાથેના કેલેન્ડર, ચિત્રો વગેરે પ્રદર્શિત કરવા અંગે.

કોઇપણ સરકારી કે જાહેર મકાનોમાં કોઇપણ જગ્યાએ વડાપ્રધાન, મુખ્યમંત્રી, મંત્રીશ્રી અને બીજા કોઇપણ મહાનુભાવોના ફોટોગ્રાફ્સ સાથેના કેલેન્ડર, ચિત્રો વગેરે પ્રદર્શિત કરવા નહીં. અને જો આવા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલા હોય તો તેને તાત્કાલિક દૂર કરવાના રહે છે. માત્ર મહાત્મા ગાંધી, ભારતના હાલના રાષ્ટ્રપતિ, અને રાજયના રાજયપાલશ્રી, ભૂતકાળની ખ્યાતનામ ઐતિહાસિક વ્યકિતઓ, રાષ્ટ્રીય નેતાઓ, કવિઓના ચિત્રો સરકારી મકાનો/જાહેર મકાનોમાં પ્રદર્શિત કરવાનું ચાલુ રાખી શકાશે.

## ૧૫. ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ (Video Conference) નહીં યોજવા તથા સરકારી યોજનાઓના અમલ–પ્રગતિની સમીક્ષા નહીં કરવા બાબત.

ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા જયારે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચાર સંહિતાનો આરંભ થાય છે. આ તારીખથી ભારતના ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા ગૃહની રચના કરતું યોગ્ય જાહેરનામું બહાર પાડવામાં આવે ત્યાં સુધી/વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી, એટલે કે ચૂંટણી પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ કે અન્ય પદાધિકારીઓ તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી વિડીયો કોન્ફરરન્સ (Video Conference) યોજી શકશે નહીં. તે જ રીતે મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ સાથે વ્યકિતગત કે સામુહિક રીતે સરકારની યોજનાઓના અમલ–પ્રગતિની સમીક્ષા કરી શકશે નહીં અને તે બાબતે વિડીયો કોન્ફરન્સ (Video Conference) યોજી શકશે નહીં.

## ૧૬. રાહત કાર્યો:-

માનવસર્જિત અગર કુદરતી આપત્તિના સમયે હાથ ધરવાની રાહત કામગીરી પરત્વે ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવી છે.

૧. માનવસર્જિત અગર કુદરતી આપત્તિના પ્રસંગે ચૂંટણી આયોગની જાણ હેઠળ પ્રવર્તમાન દરોએ સીધેસીધી અસરગ્રસ્તોને ઉચ્ચક સહાય આપી શકાશે. પરંતું, આવા પ્રસંગોએ ઉચ્ચક સહાય આપવાના પ્રવર્તમાન દરોમાં ચૂંટણી આયોગની પૂર્વ મંજુરી સિવાય ફેરફાર કરી શકાશે નહીં.

૨. મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી તબીબી સારવાર માટે દર્દીઓને વ્યકિતગત સીધી ચુકવણી કરવાના બદલે હોસ્પિટલને ચુકવણી કરવામાં ચૂંટણી આયોગની મંજુરી મેળવવી આવશ્યક નથી.

૩. કુદરતી આપત્તિમાં અસરગ્રસ્તોની મુશ્કેલી હળવી કરવાના હેતુસર જરૂરી રાહત કાર્યો અને પગલાંઓ ચૂંટણી આયોગની જાણ હેઠળ હાથ ધરી શકાશે.

૪. આમ છતાં, કુદરતી આપત્તિની સંભવિત અસરો નિવારવા માટેના જરૂરી નવા કામો જેવા કે બંધોના અને કેનાલોની મરામતના જરૂરી નવા કામો માત્ર ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરીથી હાથ ધરી શકાશે.

૫. કોઇપણ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત/પૂરગ્રસ્ત કે આવી કુદરતી આફતોના અસરગ્રસ્ત વિસ્તાર તરીકે ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી સિવાય જાહેર કરી શકાશે નહીં. ચૂંટણી યોજવાના પૂર્વે જાહેર કરેલ કુદરતી આપત્તિગ્રસ્ત વિસ્તારો ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી સિવાય વિસ્તારી શકાશે નહીં.

૬. એ જ રીતે પ્રધાનમંત્રી રાહત ફંડ અગર મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ચોકક્સ વ્યકિતઓના જૂથોને પસંદ કરીને સહાય ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી સિવાય આપી શકાશે નહીં.

## ૧૭. કામો અને પ્રવૃત્તિઓ:-

નીચે દર્શાવેલા કામો અને પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે **ભારતનાં ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી આવશ્યક છે.**

૧. વિવેકાધીન ગ્રાન્ટમાંથી હાથ ધરવાના કોઇપણ પ્રકારના નવા કામો અને યોજનાઓ હાથ ધરી શકાશે નહીં. આ સંદર્ભમાં વિવેકાધીન ગ્રાન્ટ અન્વયે બજેટમાં સમાવવામાં આવેલ હોય અને જેના માટે કોઇ યોજનાઓ આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ હોય તેના પહેલાં મંજૂર કરવામાં આવેલ ન હોય કે નકકી કરવામાં આવેલ ન હોય તેનો પણ સમાવેશ થાય છે.

૨. જાહેર સાહસોને પુર્નજીવિત કે સરકાર હસ્તક લેવાની દરખાસ્ત (આના જેવા કોઇ નીતિવિષયક નિર્ણયો) પરત્વે નિર્ણય લઇ શકાશે નહીં.

૩. હયાત યોજના/પરિયોજનાઓ, કાર્યક્રમોના અમલનો વિસ્તાર લંબાવી શકાશે નહીં કે વિસ્તારી શકાશે નહીં.

૪. સરકાર દ્વારા કોઇપણ વ્યકિત, સાહસો તેમજ સંસ્થાઓને જમીન ફાળવી શકાશે નહીં.

૫. જેમાં સરકાર પક્ષકાર હોય તેવા સમજૂતી કરાર (MOU) કે સંમતિ કરાર કરી શકાશે નહીં.

## ૧૮. **કાર્યાન્વિત(existing) કામો અને પ્રવૃત્તિઓ બાબત.**

નીચે દર્શાવેલા કાર્યાન્વિત**(existing)** કામો અને પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ચૂંટણી આયોગ, નવી દિલ્હીની મંજૂરી આવશ્યક નથી અને તેની જાણ ચૂંટણી આયોગ, નવી દિલ્હીને કરવાની આવશ્યકતા રહેતી નથી.

૧. તમામ પ્રકારની આવશ્યક મંજૂરીઓ મેળવ્યા બાદ ખરેખર શરૂ કરવામાં આવેલા કામો અને યોજનાઓ.

૨. આદર્શ આચાર સંહિતા અમલમાં આવ્યા પહેલા શરૂ કરવામાં આવેલી લાભાર્થી યોજનાઓ કે જેમાં ચોકકસ હિતાધિકારીઓ/લાભાર્થીઓ નામ સહિત નકકી કરવામાં આવેલા હોય.

3. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં નોંધાયેલા લાભાર્થીઓને હયાત યોજના હેઠળ આવરી લઈ શકાશે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળની નવી યોજના કે જે કાયદાની જોગવાઈ હેઠળ ફરજિયાત હોય તેવા કામો કે જેના લાભાર્થીઓ નોંધાયેલા હોય અને પ્રોજેક્ટ અગાઉથી મંજૂર કરવામાં આવેલો હોય અને તેના માટેની બજેટ જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવેલી હોય તેવા પ્રોજેકટો હાથ ધરી શકાશે.

## ૧૯. **આદર્શ આચાર સંહિતાના અમલ દરમ્યાન નવા કામો(લાભાર્થી કે કામ લક્ષી) હાથ ધરવા બાબત.**

આદર્શ આચાર સંહિતા અમલમાં આવે તે પહેલાં નીચે દર્શાવેલી બધી જ શરતો પરિપૂર્ણ થતી હોય તો તેવા નવા કામો (લાભાર્થી કે કામ લક્ષી) આદર્શ આચારસંહિતા સમયગાળા દરમ્યાન **ભારતના ચૂંટણી આયોગની જાણ હેઠળ હાથ ધરી શકાશે.**

૧. ગ્રાન્ટની સંપૂર્ણ જોગવાઇ કરવામાં આવેલી હોય.
૨. વહીવટી, તાંત્રિક અને નાણાકીય મંજુરીઓ મેળવવામાં આવેલી હોય.
3. ટેન્ડરો બહાર પાડવામાં આવેલ હોય, મૂલ્યાંકન કરવામાં આવેલ હોય અને આખરી કરવામાં આવેલ હોય.
૪. કરાર આધારિત કામ ચોકકસ સમય મર્યાદામાં શરૂ કરવા અને પૂર્ણ કરવા અંગે કરારમાં સ્પષ્ટ જવાબદારી નકકી થયેલ હોય અને તેમ ન કરવામાં આવે તો કરારદારને દંડ કરવાની કરારમાં જોગવાઇ હોય.

ઉપર્યુકત ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવેલ તમામ શરતો પરિપૂર્ણ થતી ન હોય તેવા કિસ્સામાં ચૂંટણી આયોગની અનુમતિ મેળવવાની રહેશે.

## ૨૦. **ટેન્ડરો બહાર પાડવા તથા તેના મૂલ્યાંકન(Evaluation) અને આખરીકરણ બાબત.**

જે કિસ્સાઓમાં વૈશ્વિક ટેન્ડરો અગાઉથી બહાર પાડવામાં આવેલા હોય અને તેની સમય મર્યાદા સુનિશ્ચિત કરી હોય તેવા કિસ્સામાં આ ટેન્ડરોનું મૂલ્યાંકન (Evaluation) અને આખરીકરણની કાર્યવાહી હાથ ધરી શકાશે. આ સિવાયના (વૈશ્વિક ટેન્ડરો સિવાયના) ટેન્ડરોના કિસ્સામાં અગાઉ બહાર પાડવામાં આવેલા હોય તો તેનું મૂલ્યાંકન થઈ શકશે, પરંતું ચૂંટણી પંચ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય આખરી કરી શકાશે નહી. જો ટેન્ડરો બહાર પાડવામાં આવેલા ન હોય તો ચૂંટણી પંચ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય બહાર પાડી શકાશે નહીં.

**૨૧. કામના પૂરા થયેલા ભાગ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત.**

નિયત કાર્યપધ્ધતિનું પાલન કરવામાં આવેલ હોય અને નાણા વિભાગની અનુમતિ મેળવવામાં આવેલી હોય તેવા કોઈ પણ કામના પૂરા થયેલા ભાગ માટે ગ્રાન્ટ ફાળવવામાં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહીં.

**૨૨. કોઈ પણ કામો કે વિકાસ પ્રવૃતિઓ સમયે ઔપચારિક સમારંભો(formal function) નહીં યોજવા બાબત.**

કોઈ પણ કામો (રાહત કામો સહિત)શરૂ કરતી સમયે કે વિકાસ પ્રવૃતિઓ કરતી સમયે કોઈપણ જાતના ઔપચારિક સમારંભો કે જેમાં રાજકીય મહાનુભાવોની હાજરી હોય તેવા સમારંભો રાખી શકાશે નહી. ભપકાદાર સમારંભો કોઈ પણ સંજોગોમાં યોજવા નહી. પરંતુ, સ્થાપિત પ્રણાલિકા અનુસાર મુલ્કી અધિકારીઓની ન્યુનતમ હાજરીમાં સામાન્ય સમારંભો ન્યુનતમ પ્રસિધ્ધિ થાય તે રીતે યોજી શકાશે.

**૨૩. સંવૈધાનિક સ્વરૂપની સંસ્થાઓ દ્વારા અપાતી નિયમિત નિમણૂક/બઢતી આપવા બાબત .**

કેન્દ્રીય જાહેર સેવા આયોગ, રાજય જાહેર સેવા આયોગ કે સ્ટાફ સિલેકશન કમિશન કે અન્ય સંવૈધાનિક સ્વરૂપની સંસ્થાઓ નિયમિત નિમણૂક/બઢતી આપી શકશે. આ સિવાયની બિનવૈધાનિક સંસ્થાઓ દ્વારા ભરતી કરવા અગર બઢતી આપવાના પ્રસંગોએ ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી મેળવી લેવી આવશ્યક બની રહે છે.

**૨૪. ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલ અધિકારીઓ/કર્મચારીઓની બદલી બાબત.**

આ ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલ નીચે દર્શાવેલ અધિકારીઓ/કર્મચારીઓની ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા જયારે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખથી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન ન થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન બદલીઓ કરી શકાશે નહીં. જે કર્મચારીઓની બદલીના હુકમો વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખ પહેલાં થયેલ હોય પરંતુ તેનો અમલ થયો ન હોય તેવા કિસ્સામાં પણ આવી બદલીનો અમલ મોકુફ રાખવાનો રહેશે.

૧. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,

૨. સર્વે વિધાનસભા મત વિભાગના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ,

૩. મહેસૂલ વિભાગ/ખાતાના જિલ્લા/તાલુકા કક્ષાના મહેસુલી અધિકારીઓ.

૪. તમામ જીલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જીલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા/જિલ્લા પંચાયતોમાં કામ કરતાં અધિકારીઓ.

૫. કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે સંકળાયેલ સંબધિત રેન્જના પોલીસ મહા નિરીક્ષક/નાયબ પોલીસ મહા નિરીક્ષક, પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર, પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સ્ટેશનના ચાર્જમાં રહેલ પોલીસ અધિકારી તેમજ તેમની હેઠળનો સ્ટાફ.

**ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીની સૂચનાનુસાર વતનના જિલ્લા અગર તા.૨૮/૦૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં ત્રણ વર્ષથી વધુ સમયથી એક જ જિલ્લામાં ફરજ બજાવતાં હોય વગેરે કારણોસર ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓના કિસ્સામાં મુખ્ય નિર્વાચન અધિકારીની અનુમતિ મેળવીને જે વિભાગો દ્વારા બદલીના હુકમો કરવામાં આવે ત્યારે અત્રેથી આપેલી અનુમતિનો હુકમોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. આ રીતે કરવામાં આવેલા હુકમોનો અમલ કરવાનો રહેશે. આ અંગેનું માર્ગદર્શન મેળવવા માટે વિભાગોએ અત્રે રજૂઆત કરવાની રહેશે નહીં.**

**૨૫. બદલી અને રજા પર પ્રતિબંધ :-**

ચૂંટણીની કામગીરી ઘણી જ વિશાળ છે અને રાજ્યના સમગ્ર વહીવટી તંત્રનો ચૂંટણીની કામગીરી માટે સંપૂર્ણ સહકાર મેળવવો આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. આથી રાજ્ય સરકારના, પંચાયતોના, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશનો વગેરેના વર્ગ-૧ થી શરૂ કરીને વર્ગ-૪ સુધીના તમામ કર્મચારીઓની સેવાઓ ચૂંટણીના કામે ઉપલબ્ધ કરવી જરૂરી છે. જો આ અધિકારીઓ/કર્મચારીઓની બદલી કરવામાં આવે કે રજાઓ મંજૂર કરવામાં આવે તો ચૂંટણી સંચાલન અને આયોજન તેમજ વ્યવસ્થા તંત્રને વિપરિત અસર થવાની સંભાવના રહેલી છે. જે ધ્યાને લઇને વિધાનસભાની સામાન્ય ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ/કર્મચારીઓની રજા તેમજ બદલી પર પ્રતિબંધ માટે નીચે પ્રમાણેની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

**(૧)** સચિવાલયના બધા વિભાગો, ખાતાના વડાઓ, કચેરીના વડાઓ, પંચાયતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશને તેમના તાબા હેઠળના અધિકારીઓ અને અન્ય કર્મચારીગણ કે જેમની સેવાની જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અગર ચૂંટણી અધિકારીને આવશ્યકતા હોય તેમની સેવાઓ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીને હવાલે મુકવી.

**(૨)** સચિવાલયના બધા વિભાગોએ, ખાતાના વડાઓએ, કચેરીના વડાઓએ, પંચાયતોએ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ, બોર્ડ/કોર્પોરેશને તેમના તાબા હેઠળના અધિકારીઓ અને અન્ય કર્મચારીગણની તાત્કાલિક અસરથી ચૂંટણીઓ પુરી થાય ત્યાં સુધી રજાઓ મંજુર કરવી નહીં. આ સમયગાળા દરમિયાન કોઇપણ અધિકારી/કર્મચારીની બદલી કરવી નહીં. જો અનિવાર્ય સંજોગોમાં કોઇ બદલી કરવી આવશ્યક જણાય તેવા કિસ્સામાં જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીની તેમજ રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ બદલી કરવામાં આવે કે રજાઓ મંજુર કરવામાં આવે તે જોવા સર્વે સંબંધકર્તાને આથી જણાવવામાં આવે છે. આ પરિપત્રથી આપવામાં આવેલી સૂચના રવાના કર્યા પછીના સમયગાળા દરમિયાન કોઈ પણ પ્રકારની રજા મંજૂર કરવામાં આવેલી હશે તો તે આપોઆપ રદ થયેલી ગણવામાં આવશે અને તે બાબતે ઉપર દર્શાવેલી કાર્યપદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

**(૩)** ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ યોજવા માટે જે તારીખે જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ જાય છે. આ સંજોગોમાં ચૂંટણી યોજવાની જાહેરાત કર્યાની તારીખ પહેલાં સચિવાલયના વિભાગો/ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન દ્વારા અધિકારી/કર્મચારીઓની બદલી કરવાના હુકમો રવાના કરવામાં આવેલા હોય પરંતુ તેનો અમલ ન થયેલ હોય તો તેવા હુકમોનો અમલ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન ન થાય ત્યાં સુધી કરવાનો રહેતો નથી. જે કિસ્સામાં બદલીના હુકમનો અંશતઃ અમલ થયેલ હોય અગર બદલીના હુકમોનો અમલ કરવો વહીવટી રીતે અનિવાર્ય હોય તેવા સંજોગોમાં આ બદલીના હુકમોનો અમલ કરવા માટે રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની પૂર્વ અનુમતિ મેળવીને જ અમલ કરી શકાશે. જ્યારે જિલ્લા કક્ષાની કચેરી માટે સંબંધિત જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીની પૂર્વ અનુમતિ મેળવીને જ બદલીના હુકમોનો અમલ કરી શકાશે.

(૪) ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ યોજવા માટે જે તારીખે જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ જાય છે અને ચૂંટણી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી અમલી રહે છે. આ તારીખથી સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાઓ, કચેરીના વડાઓ, પંચાયતો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશન તેમના તાબા હેઠળના અધિકારી/કર્મચારીઓની રજા મંજુર કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. અધિકારી/કર્મચારીઓની રજા મંજુર કરવા અગર નામંજુર કરવા બાબતે નીચેની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪.૧) જે અધિકારી/કર્મચારીઓની રજાઓ રાજય કક્ષાએ મંજુર કરવામાં આવતી હોય તેવા અધિકારી/કર્મચારીઓની રજાઓ આદર્શ આચાર સંહિતાના અમલ દરમિયાન મંજુર કરવી અનિવાર્ય જણાતી હોય તેવા કિસ્સામાં રજા મંજુર કરવાની ભલામણ સહ દરખાસ્ત સંબંધિત વિભાગે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને સ્વચ્છ ટાઈપ નકલમાં કરવાની રહેશે. ખાતાના વડાઓની કચેરીના કીસ્સાઓમાં સંબંધિત વિભાગો મારફતે રજા મંજુરીની દરખાસ્ત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને સ્વચ્છ ટાઈપ નકલમાં કરવાની રહેશે. જે અધિકારી/કર્મચારીઓની રજા જિલ્લા કક્ષાએ મંજુર કરવા પાત્ર હોય તેવા અધિકારી/કર્મચારીની રજાઓ મંજુર કરવા માટે સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓને દરખાસ્ત કરવાની રહેશે. જિલ્લા કક્ષાના અધિકારી/કર્મચારીઓની રજા મંજુરીની દરખાસ્ત મુખ્ય નિર્વાચન અધિકારીને કોઈપણ સંજોગોમાં રજૂ કરવી નહીં.

**(૪.૨) <u>સચિવાલયના વિભાગોના સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/ખાતાના વડા/કચેરીના વડાઓને જયારે અધિકારી/કર્મચારીની રજાઓ મંજુર કરવી આવશ્યક જણાતી ન હોય તેવા કિસ્સામાં રજાઓ નામંજુર કરવા અંગેનો નિર્ણય તેમની કક્ષાએથી લેવાનો રહેશે.આવી દરખાસ્તો રાજય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી અગર જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીને રજૂ ન કરવા ભારપૂર્વક જણાવવામાં આવે છે.</u>**

## ૨૬. આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે સચિવાલયના વિભાગો મારફત કરવામાં આવતી દરખાસ્ત બાબત.

ગુજરાત વિધાનસભાની યોજાનારી સામાન્ય ચૂંટણીના અનુસંધાને અમલમાં આવેલી આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે સચિવાલયના વિભાગો મારફત દરખાસ્ત કરવામાં આવે ત્યારે તે દરખાસ્ત અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીની સહીથી જ કરવાની રહેશે. ખાતાના વડાઓએ તેમના વિભાગ મારફત જ દરખાસ્ત અત્રે રજૂ કરવાની રહેશે. કોઈ પણ ખાતાના વડા બારોબાર દરખાસ્ત ન કરે તેવી તાકીદ કરવા સચિવાલયના સર્વે વિભાગોને જણાવવામાં આવે છે. આ પરિપત્ર સાથે સામેલ ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતો ભરીને આવશ્યક જણાય તેવા કિસ્સાઓમાં વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીની ભલામણ સાથે જ દરખાસ્ત કરવાની રહેશે. જે દરખાસ્ત સંદર્ભે ભારતના ચૂંટણી આયોગની મંજૂરી મેળવવી આવશ્યક હોય તેવી દરખાસ્તો વિભાગના સ્પષ્ટ અભિપ્રાય સાથે તથા વ્યાજબીપણાનાં કારણો દર્શાવતી નોંધ (Justification Note) સાથે અંગ્રેજીમાં MS Word માં હાર્ડ કોપી તેમજ સોફટ કોપી (CD) માં અચૂક મોકલવાની રહેશે.

## ૨૭. આદર્શ આચારસંહિતા અંગેની ઉકત તમામ સૂચનાઓના આખરી અર્થઘટન અંગે.

ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીની વેબ સાઈટ www.eci.nic.in છે. આ વેબ સાઈટ પર ઉકત વિધાનસભા સામાન્ય ચૂંટણીના અનુસંધાને પ્રેસ નોટ અને આચારસંહિતા અન્વયે મૂળ સૂચનાઓ અંગ્રેજીમાં મુકવામાં આવેલ છે. આથી, આ અંગે જો કોઈ વધુ વિગતોની આવશ્યકતા હોય કે સૂચનાઓના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની ઉકત વેબ સાઈટ પરની મૂળ અંગ્રેજી સૂચનાઓ આખરી ગણાશે. આ સૂચનાઓનું સર્વે સંબંધિતોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**૨૮.** આ સૂચનાઓનો અમલ **તા.૦૩/૧૧/૨૦૨૨** થી ભારતના ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા ગૃહની રચના કરતું યોગ્ય જાહેરનામું બહાર ન પાડવામાં આવે ત્યાં સુધી કરવાનો રહે છે.

**૨૯.** આ સૂચનાઓ માન.મુખ્યમંત્રીશ્રી તથા તમામ માન.મંત્રીશ્રીઓ અને માન.રાજય કક્ષાના મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના અગ્રસચિવશ્રી/સચિવશ્રી/અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

**૩૦.** સચિવાલયના વિભાગોને ઉપર્યુકત સુચનાઓ તેઓના નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરી તેમજ બોર્ડ, નિગમ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મુકવા વિનંતી કરવામાં આવે છે.

**(પી.ભારતી)**
મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત રાજય.

પ્રતિ,

- માન.ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવશ્રી.(માન.મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.)
- સર્વે માન.મંત્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  (માન.મંત્રીશ્રીઓ ધ્યાને મુકવાની વિનંતી સહ.)
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ.
- સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓ.
- સર્વે ખાતાના વડાઓ.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ અને પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- સર્વે વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર (જરૂરી પ્રસિદ્ધિ આપવા સારું)
- સર્વે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો.
- સિલેકટ ફાઇલ.

## વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના અનુસંધાને આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે કરવાની દરખાસ્ત સાથે રજૂ કરવાનું ચેકલીસ્ટ

| ક્રમ | વિગત | | વિભાગ/ખાતાના વડા/કચેરીએ ભરવાની વિગતો |
|---|---|---|---|
| **૧.** | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા કોણે રજૂઆત કરી છે. | | |
| ૧.૧ | વહીવટી વિભાગનું નામ | | |
| ૧.૨ | ખાતાના વડાનું નામ | | |
| ૧.૩ | જિલ્લા/તાલુકા કચેરીનું નામ | | |
| ૧.૪ | વહીવટી વિભાગ સિવાયની કચેરીના કિસ્સામાં ખાતાના વડા/વિભાગ મારફત દરખાસ્ત કરવામાં આવેલી છે કે કેમ ? | | |
| ૧.૫ | ઉપર (૧.૪)માં દર્શાવેલ કચેરીએ કયા કારણસર વિભાગ/ખાતાના વડા મારફત દરખાસ્ત રજૂ કરેલ નથી ? | | |
| ૧.૬ | આ દરખાસ્ત જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવેલી છે? | | |
| **૨.** | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે કરવામાં આવેલી દરખાસ્ત કેવા પ્રકારની છે ? સામાન્ય/અસામાન્ય | | |
| | અગ્રતા/ટોચ અગ્રતા | | |
| ૨.૧ | દરખાસ્ત શેને સંબંધિત છે ? | | |
| | **ક. સેવા વિષયક** | | |
| | ૧. | બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવું-બઢતી રાજય જાહેર સેવા આયોગ /બંધારણીય સંસ્થા/અન્ય બિન બંધારણીય સંસ્થા મારફત કરવામાં આવે છે. | |
| | ૨. | ફરજ મોકૂફી પર ઉતારવા/ફરજ મોકૂફી પરથી સેવામાં પરત લેવા | |
| | ૩. | બદલી કરવા/બદલીના હુકમનો અમલ અટકાવવા | |
| | ૪. | એડહોક નિમણૂક આપવા | |
| | ૫. | રજા મંજૂર કરવા/રજા પ્રવાસ રાહત મંજૂર કરવા/વતન પ્રવાસ મંજૂર કરવા | |
| | ૬. | ભરતી કરવા માટે મંજૂરી આપવી/ઈન્ટરવ્યુનું આયોજન/કોલ લેટર રવાના કરવા/ભરતીનું પરિણામ બહાર પાડવું /ભરતીની પ્રક્રિયા હાથ ધરવી/ લશ્કરી ભરતી મેળાનું આયોજન | |
| | ૭. | ફરજિયાત નિવૃત્ત કરવા | |
| | ૮. | તાલીમ કાર્યક્રમ/વિદેશ તાલીમ કાર્યક્રમ | |

| ક્રમ | | વિગત | વિભાગ/ખાતાના વડા/કચેરીએ ભરવાની વિગતો |
|---|---|---|---|
| | ૯. | ધાર્મિક હેતુસર પ્રવાસ/હજ કરવા માટે પ્રવાસ મંજૂરી | |
| | ૧૦. | અન્ય | |
| | **ખ. કાર્યક્રમનું આયોજન** | | |
| | ૧. | ઉદઘાટન સમારોહનું આયોજન/સમાપન સમારોહનું આયોજન | |
| | ૨. | રેલી યોજવા | |
| | ૩. | મેળા/કાર્યક્રમોનું આયોજન | |
| | ૪. | પ્રદર્શન યોજવા/પ્રદર્શન સહ વેચાણ હાટ યોજવા | |
| | ૫. | પરિસંવાદ/વર્કશોપનું આયોજન/ઉત્સવોનું આયોજન | |
| | ૬. | પ્રોટોકલ અન્વયે મંત્રી/બોર્ડ નિગમના સભ્ય/ પદાધિકારીઓને સ્ટેટ ગેસ્ટ જાહેર કરવા/રાજયના પ્રવાસને મંજૂરી | |
| | ૭. | અન્ય | |
| | **ગ- નાણાકીય** | | |
| | ૧. | ગ્રાન્ટ ફાળવણી | |
| | ૨. | જાહેરાત આપવા | |
| | ૩. | યોજનાકીય ખર્ચને મંજૂરી આપવા | |
| | ૪. | કરરાહતો આપવા/વેરા ઘટાડવા/વેરા વધારવા | |
| | ૫. | ખરીદી કરવા માટેની દરખાસ્ત | |
| | ૬. | આકસ્મિક નિધિમાંથી પેશગી ઉપાડવા બાબત | |
| | ૭. | ગ્રાંટનું એડીશનલ ઓથોરાઈઝેશન | |
| | ૮. | બજેટ અંદાજો મંજૂર કરવા-દાખલ કરવા | |
| | ૯. | વાહનોની ખરીદી | |
| | ૧૦. | અન્ય | |
| | **ઘ-માધ્યમ સંબંધિત** | | |
| | ૧. | હયાત પ્રકાશન ચાલુ રાખવા | |
| | ૨. | પ્રકાશન કરવા | |
| | ૩. | જાહેરાત આપવા | |
| | ૪. | હોર્ડિંગ લગાવવા | |

| ક્રમ | | વિગત | વિભાગ/ખાતાના વડા/કચેરીએ ભરવાની વિગતો |
|---|---|---|---|
| | ૫. | વિજાણુ માધ્યમો/મુદ્રણ માધ્યમોમાં જાહેર ખબર આપવી | |
| | ૬. | અન્ય | |
| | **ચ–વિકાસ કામો** | | |
| | ૧. | કોન્ટ્રેકટ અંગે કરાર કરવા | |
| | ૨. | લેટર ઓફ ઈન્ટેન્ટ બહાર પાડવા | |
| | ૩. | ટેન્ડરો બહાર પાડવા/મૂલ્યાંકન કરવું/આખરી કરવું / આખરી થયેલ ટેન્ડરના અનુસંધાને કોન્ટ્રેકટર/ઈજારાદારને કામો આપવા/નેગોશિયેશન કરવા | |
| | ૪. | વિકાસ કામો ચાલુ રાખવા | |
| | ૫. | એમઓયુ કરવા | |
| | ૬. | રસ્તા સરફેસ કરવા/રી સરફેસ કરવા/હયાત રસ્તાઓનું વિસ્તૃતીકરણ | |
| | ૭. | આવશ્યક મરામત કામોને મંજૂરી આપવી | |
| | ૮. | જમીન ફાળવણી/જમીનના બિન ખેતીના ઉપયોગની મંજૂરી આપવા | |
| | ૯. | અન્ય | |
| | **છ–કાયદો અને વ્યવસ્થા** | | |
| | ૧. | ટ્રિબ્યુનલ/પંચમાં સભ્ય/અધ્યક્ષની નિમણૂક | |
| | ૨. | હયાત પંચની મુદતમાં વધારો કરવા | |
| | ૩. | અદાલતોનું ઉદઘાટન | |
| | ૪. | સરકારી વકીલોની નિયુક્તિ/મુદતમાં વધારો | |
| | ૫. | કેદીને પેરોલ રજા /ફર્લો રજા મંજૂર કરવા બાબત | |
| | ૬. | કરવામાં આવેલ કેસ પરત ખેંચવો | |
| | ૭. | પાસા/અન્ય અટકાયતી કાયદા હેઠળ અટકાયત કરાયેલ કેદીના સંબંધમાં લેવાનો નિર્ણય | |
| | **જ– અન્ય** | | |
| | ૧. | ન્યાયિક ચુકાદાના અનુસંધાને કરવાની થતી અનિવાર્ય કાર્યવાહી જમીન ફાળવણી | |
| | ૨. | રાજય મંત્રીમંડળે લીધેલ નિર્ણય અન્વયે કરવાની કાર્યવાહી | |
| | ૩. | માન.મુખ્ય મંત્રીશ્રી ફંડમાંથી સહાય આપવી | |
| | ૪. | એવોર્ડ એનાયત કરવા/પારિતોષિકો આપવા | |

| ક્રમ | વિગત | | વિભાગ/ખાતાના વડા/કચેરીએ ભરવાની વિગતો |
|---|---|---|---|
| | ૫. | અન્ય | |
| ૨.૨ | બજેટ જોગવાઈ કરવામાં આવેલી છે?<br>આયોજન બહાર/આયોજન/કેન્દ્ર પુરસ્કૃત યોજના | | |
| **૩.** | કોલમ ૨.૧ (ખ) અન્વયે જો કાર્યક્રમનું આયોજન કરવાનું હોય તો નીચેની વિગતો દર્શાવવાની રહેશે. | | |
| | કાર્યક્રમની તારીખ અને સમય –કાર્યક્રમની વિગત | | |
| | કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થા/સંસ્થાઓનું નામ અને અન્ય વિગતો | | |
| | કાર્યક્રમનો દરજ્જો:–સત્તાવાર/બિન સત્તાવાર | | |
| | કાર્યક્રમનું સ્વરૂપ-ઉદઘાટન/સમાપન સમારોહ/વિકાસ કામોનું લોકાર્પણ/અન્ય | | |
| | કાર્યક્રમના આયોજનનો ખર્ચ કોણ ભોગવશે. વિભાગ/ખાતાના વડા/ખાનગી વ્યકિત/સ્વૈચ્છિક સંસ્થા | | |
| | કાર્યક્રમમાં કોણ હાજર રહેશે? અધિકારી/ કર્મચારીઓ, રાજકીય નેતાઓ /કાર્યકરો, કંપનીના અધિકારીઓ કાર્યક્રમમાં કુલ કેટલા લોકો હાજર રહેનાર છે. | | |
| **૪.** | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત આપવા માટે કરવામાં આવેલી દરખાસ્તને કઈ કક્ષાએ મંજૂરી આપી શકાય તેમ છે?<br>૧.જિલ્લા કક્ષાએ<br>૨. મુખ્ય નિર્વાચન અધિકારી કક્ષાએ<br>૩.ભારતના ચૂંટણી આયોગની કક્ષાએથી | | |
| **૫.** | ભારતના ચૂટણી આયોગની મંજૂરી મેળવવાની આવશ્યક હોય તો આયોગને કરવાની દરખાસ્તનો મુસદો અંગ્રેજીમાં (MS Word) માં હાર્ડ કોપી–સોફ્ટ કોપી સાથે રજૂ કરેલ છે ? | | |
| **૬.** | દરખાસ્ત મુજબ મુખ્ય સચિવશ્રીની "Screening Committee" મારફત રજૂ કરવામાં આવેલ છે કે કેમ ? | | |
| **૭.** | **આ દરખાસ્ત ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી મુલત્વી રાખી શકાય તેમ છે કે કેમ?**<br>**જો ના, તો તેના સ્પષ્ટ કારણો/ દરખાસ્તનું વાજબીપણું અવશ્ય દર્શાવવું.** | | |
| **૮.** | ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચાર સંહિતાના અમલની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કાર્યક્રમનું આયોજન થઈ શકે કે કેમ તે અંગે વિભાગનું મંતવ્ય/સ્પષ્ટ કારણો રજૂ કરવા | | |
| **૯.** | **આ દરખાસ્ત મંજૂર થવાથી મતદારો પ્રભાવિત થશે કે કેમ?** | | |

**વિભાગના વડાની સહી તથા હોદ્દો**

**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

## GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

**લોકસભા સામાન્ય ચૂંટણી તથા બે વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીઓ-૨૦૧૯.**
**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચારસંહિતા(Model Code of Conduct)ના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ બાબત.**

**સામાન્ય વહીવટ વિભાગ (ચૂંટણી પ્રભાગ)**
**પરિપત્ર ક્રમાંકઃ ઇએલસી/૧૦૨૦૧૯/૬૩/છ(MCC)**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ. ૧૦/૦૩/૨૦૧૯**

**વંચાણમાં લીધાઃ-**

(૧) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૫/૧/૧૯૯૬નો પત્રાંકઃ-૪૩૭/૬/૯૬/પીએલએન-૩
(૨) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૭/૧/૧૯૯૬નો પત્રાંકઃ- ૪૩૭/૬/૯૬/પીએલએન-૩
(૩) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૫/૭/૧૯૯૯નો પત્રાંકઃ- ૪૩૭/૬/૯૯/પીએલએન-૩
(૪) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૫/૧/૨૦૦૨નો પત્રાંકઃ- ૪૩૭/૬/૨૦૦૨/પીએલએન-૩
(૫) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૨/૬/૨૦૦૩નો પત્રાંકઃ ૪૩૭/૬/૪/૨૦૦૩/પીએલએન-૩
(૬) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૬/૪/૨૦૦૪નો પત્રાંકઃ-૪૩૭/૬/૩૮/૨૦૦૪/પીએલએન-૩
(૭) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૩૦/૧૨/૨૦૦૪નો પત્રાંકઃ-૪૩૭/૬/૨૦૦૪/પીએલએન-૩
(૮) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧/૪/૨૦૦૬નો પત્રાંકઃ- ૪૩૭/૬/૨૦૦૪/પીએલએન-૩/ વીઓએલ-૩
(૯) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૭/૧/૨૦૦૭નો પત્રાંકઃ-૪૩૭/આઇએનએસટી/૨૦૦૭/ પીએલએન-૩
(૧૦) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૩/૧૧/૨૦૦૭નોપત્રાંકઃ-૪૩૭/૬/૨૦૦૭/ પીએલએન-૩
(૧૧) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨/૩/૨૦૦૯નોપત્રાંકઃ-૪૩૭/૬/૧/૨૦૦૯/સીસીએન્ડબીઈ
(૧૨) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૫/૩/૨૦૦૯નો પત્રાંકઃ-૪૩૭/૬/૧/૨૦૦૯/સીસીએન્ડ બીઈ
(૧૩) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૮/૩/૨૦૦૯નો પત્રાંકઃ-૪૬૪/આઇએનએસટી/૨૦૦૯/ઇપીએસ
(૧૪) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૮/૩/૨૦૦૯નો પત્રાંકઃ૪૬૭/૬/આઇએનએસટી/૨૦૦૯/ સીસી એન્ડ બીઈ અને તા.૧/૪/૨૦૦૯નો પત્રાંકઃ-૪૬૭/૬/આઇએનએસટી/ ૨૦૦૯/સીસી એન્ડ બીઈ
(૧૫) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીના તા.૨૪/૩/૨૦૧૧ના પત્રાંકઃ-૪૩૭/૬/આઇએનએસટી/ ૨૦૧૧/ સીસી એન્ડ બીઈ અને તા.૧/૪/૨૦૧૧ના પત્રાંકઃ-૪૩૭/૬/આઇએનએસટી/૨૦૧૧/ સીસી એન્ડ બીઈ
(૧૬) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૭/૪/૨૦૧૧નો પત્રાંકઃ-૪૩૭/૬/આઇએનએસટી/૨૦૧૧/ સીસી એન્ડ બીઈ
(૧૭) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૨૦/૩/૨૦૧૪નો પત્રાંકઃ-૪૩૭/૬/આઇએનએસટી/૨૦૧૪/ સીસી એન્ડ બીઈ
(૧૮) ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીનો તા.૧૬/૧/૨૦૧૯નો પત્રાંકઃ-૪૩૭/૬/૧/આઇએનએસટી/ ઇસીઆઇ/ એફયુએનસીટી/એમસીસી/૨૦૧૯



Phone No. : MCC : 23257086, SVEEP-23255746 Comp. Cell-23257494, Fax : 23257090
Training-23255745 Expenditure-23255742 Budget-23257420

**પ રિ પ ત્ર:-**

ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા **લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯** તથા **૨૧-ઉંઝા અને ૯૧-તાલાલા વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીઓ** યોજવાની **તા.૧૦/૦૩/૨૦૧૯**ના રોજ જાહેરાત કરવામાં આવેલી છે. આ ચૂંટણી માટે **તા.૨૩/૦૪/૨૦૧૯** ના રોજ મતદાન યોજાનાર છે. **આથી આ ચૂંટણીઓમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટેની આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) તા.૧૦/૦૩/૨૦૧૯ ના રોજથી અમલમાં આવે છે.** સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે કરવાનો રહે છે. જે સરકારશ્રીના જુદા જુદા વિભાગો/ખાતાઓને સ્પર્શે છે. આદર્શ આચાર સંહિતા બાબતે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીએ આપેલ વખતોવખતની સુચનાઓ/સ્પષ્ટતા ધ્યાને લઇ પ્રસ્તુત લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણીમાં ચૂંટણી દરમિયાન નીચે મુજબની બાબતોનો સમગ્ર રાજયમાં ચુસ્તપણે અમલ થાય તે માટે સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે :-

**૧. મંત્રીશ્રીઓ/સત્તાધિકારીઓની ચૂંટણીલક્ષી જાહેરાત/નાણાંકીય સહાય/પરિયોજના કે શિલારોપણ વિધિ/સરકારી સેવાઓ કે જાહેર સાહસોમાં નિમણૂક અંગેની બાબતો.**

મંત્રીશ્રીઓ અને બીજા સત્તાધિકારીઓ, સત્તાધારી પક્ષની તરફેણમાં, મતદારો પ્રભાવિત થાય તેવા હેતુસર:-

(ક) કોઇપણ રૂપમાં કોઇપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરશે નહીં,

અથવા

(ખ) વિવેકાધીન ફંડમાંથી ચુકવણી મંજુર કરશે નહીં.

(ગ) કોઇપણ જાતની પરિયોજના કે યોજનાની(સરકારી અધિકારી/કર્મચારી સિવાય) શિલારોપણ વિધિ કરશે નહીં, અથવા ઉદઘાટન/લોકાર્પણ કરી શકશે નહીં, અથવા

(ઘ) માર્ગો બાંધી આપવા, પીવાના પાણીની સગવડ કરી આપવા વગેરે અંગે કોઇ વચનો આપશે નહીં.

(ચ) સરકારી સેવાઓ કે જાહેર સાહસો વિગેરેમાં કોઇ પણ એડહોક (ad-hoc) નિમણૂકો આપી શકશે નહીં.

**૨. નીતિવિષયક બાબતોની જાહેરાત અંગે.**

ચૂંટણી દરમિયાન મતદારો પર પ્રભાવ પાડે તેવી કોઇપણ પરિયોજના/યોજના, રાહતો કે અન્ય નીતિવિષયક બાબતો રાજય સરકાર કે સત્તાધારી પક્ષ જાહેર કરી શકશે નહીં.

**૩. મંત્રીશ્રીઓની કચેરી કામ અર્થે મતવિભાગોની મુલાકાત અને સરકારી વાહનોના ઉપયોગ અંગે.**

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ તેમજ બોર્ડ/નિગમ/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ ચૂંટણીઓ જાહેર થયાની **તા.૧૦/૦૩/૨૦૧૯** થી ચૂંટણી પૂર્ણ થતાં સુધી કોઇપણ લોકસભા મત વિભાગ/પેટા ચૂંટણી હેઠળના વિધાનસભા મતવિભાગની કચેરી કામ(Official Work) અર્થે મુલાકાત લઇ શકશે નહીં. અપવાદરૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તૂટી પડે કે કુદરતી આપત્તિને લીધે કોઇ કટોકટી ઉપસ્થિત થાય તો માત્ર તેવા પ્રસંગોએ સંબંધિત ખાતાના મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી પરિસ્થિતિ ઉપર નિયંત્રણ રાખવા કે રાહત કાર્યો ઉપર દેખરેખ રાખવા પ્રવાસ કરે, તો તે આદર્શ આચાર સંહિતાનો ભંગ ગણાશે નહીં.

૩.૧ કેન્દ્રના મંત્રીશ્રીને તેમના મુખ્ય મથક (Head Quarter) ખાતેથી કચેરી કામ અર્થે રાજય/જિલ્લાની મુલાકાત લેવી જાહેર હિતમાં અનિવાર્ય જણાય ત્યારે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગના સચિવશ્રી/મંત્રાલય દ્વારા રાજયના મુખ્ય સચિવશ્રીને ઉપર મુજબની ખાતરી કરાવતો પત્ર પાઠવવાનો રહેશે તેમજ આ પત્રની નકલ ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીને અચૂકપણે મોકલવાની રહેશે. આ પ્રકારનો પત્ર મળ્યેથી રાજયના મુખ્ય

સચિવશ્રી, મંત્રીશ્રીના પ્રવાસ દરમિયાન કોઇપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવનાર નથી તેની ખાતરી કરશે તેમજ કેન્દ્રના મંત્રીશ્રીને સરકારી વાહન અને નિવાસ ઇત્યાદિ રાજકીય શિષ્ટાચાર(Protocol) મુજબની સવલતો આપશે. મુખ્ય સચિવશ્રીએ મુખ્ય નિર્વાચન અધિકારીને તેની આગોતરી જાણ કરવાની રહેશે. કેન્દ્ર સરકારના મંત્રીશ્રી/મંત્રીશ્રીઓએ તેમના વતનના રાજય/સંસદીય મત વિસ્તારની અને વિશેષતઃ તેમણે જે સંસદીય/વિધાનસભા મત વિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવી હોય તે મત વિભાગની સરકારી ફરજના ભાગરૂપે/કચેરી કામ અર્થે મુલાકાત લેવાનું નિવારવું જોઇશે.

૩.૨ મંત્રીશ્રીને તેઓના પ્રવાસ વખતે રાજય વહીવટી તંત્રે સશસ્ત્ર ગાર્ડ રાખવાની જરૂરી હોય તેવી સલામતી વ્યવસ્થા મંજુર કરી હોય તો પણ, મંત્રીશ્રી તેઓની અંગત મુલાકાત વખતે જેનાથી મંત્રીશ્રીની હાજરીની જાણ થાય તેવી કોઇપણ પાઇલોટ કાર કે કોઇપણ રંગની બીકન લાઇટ સાથેની કાર અથવા કોઇપણ સાયરન લગાવેલી કારનો ઉપયોગ કરી શકશે નહીં.

૩.3 મંત્રીશ્રીઓ તેમને ફાળવવામાં આવેલ કે અન્ય સરકારી વાહનોનો ઉપયોગ માત્ર તેમના મુખ્ય મથકમાં રહેઠાણેથી કચેરી આવવા અને પરત જવા માટે જ કરી શકશે. વધુમાં, રહેઠાણથી કચેરી જવાના માર્ગમાં પક્ષની કચેરી આવતી હોય તો પણ તેમને ફાળવેલ વાહન(Official Vehicle) માં પક્ષની કચેરીની મુલાકાત લઇ શકશે નહીં.

## ૪. કેન્દ્ર/રાજય સરકારના મંત્રીશ્રીઓ વગેરેએ ચૂંટણી પ્રચાર કાર્ય માટે સરકારી વાહનોનો ઉપયોગ નહીં કરવા બાબત.

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ વિગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સંબંધકર્તા બાબતો અંગે કોઇપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બીલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલિકોપ્ટર, એરક્રાફ્ટ, કાર, જીપ, ઓટોમોબાઇલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજય સરકારના જાહેર સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ખરીદ વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા/તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાંનો જરા પણ હિસ્સો હોય તેવી કોઇપણ સંસ્થાઓના વાહનોનો ચૂંટણી પ્રચાર માટે બિલકુલ ઉપયોગ કરી શકાશે નહીં.

## ૫. કેન્દ્ર/રાજય સરકારના મંત્રીશ્રીઓ વગેરેએ ચૂંટણી સંબંધી પ્રવાસ દરમ્યાન ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ/કર્મચારીઓ સાથે બેઠક નહીં યોજવા બાબત.

કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ કે કોર્પોરેશનના બિનસરકારી પદાધિકારીઓ ચૂંટણી સંબંધી પ્રવાસમાં હોય ત્યારે ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે મીટીંગ કરી શકશે નહીં તેમજ તેઓને ગાંધીનગર સહિત અન્ય સ્થળે બેઠક માટે બોલાવી શકશે નહીં.

૫.૧ કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ કે અન્ય પદાધિકારીઓ ચૂંટણી પ્રચાર અર્થે જિલ્લાના પ્રવાસમાં હોય ત્યારે ગાંધીનગર કે અન્ય કોઇ પણ સ્થળોએ કલેકટર/ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તેમજ ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અન્ય અધિકારી/કર્મચારીઓ તેમને મળશે નહીં. જો કોઇપણ અધિકારી/કર્મચારી, જયાં ચૂંટણીનું સંચાલન થઇ રહ્યું હોય તે મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર અર્થે મંત્રીશ્રીની અંગત મુલાકાત વખતે તેમને મળશે તો તે અધિકારી/કર્મચારીએ તેઓને સંબંધિત શિસ્ત અને સેવા વિષયક નિયમો હેઠળ ગેરવર્તણૂંક(Misconduct) દાખવેલી હોવાનું ગણી દોષિત ગણવામાં આવશે અને જો તે અધિકારી/કર્મચારી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૨૯(૧) માં દર્શાવ્યા છે તે પૈકીના(દરેક અધિકારી, કલાર્ક, એજન્ટ, અથવા બીજી વ્યકિત કે જેઓ ચૂંટણીમાં મતદાન અને મતગણતરી સંબંધી કોઇપણ

કામગીરી બજાવે છે એ પૈકીના) હશે તો તેઓએ શિસ્ત અને સેવા વર્તણૂંક નિયમનો ભંગ કર્યો ગણાશે. તદ્ઉપરાંત લોકપ્રતિનિત્વ અધિનિયમ, ૧૯૫૧ની ઉપર્યુકત કલમની વૈધાનિક જોગવાઇનો ભંગ કરેલો માનવામાં આવશે અને તે હેઠળ નિયત કાર્યવાહી/શિક્ષાને પાત્ર થશે.

૫.૨ કલેકટરશ્રી/ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ જયારે રાજય કે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ કે અન્ય પદાધિકારીઓ ચૂંટણી પ્રચાર અર્થે જિલ્લામાં પ્રવાસમાં આવે ત્યારે તેમજ ગાંધીનગર ખાતે કે અન્ય કોઇ સ્થળે પણ તેઓને મળશે નહીં.

## ૬. મુખ્યમંત્રીશ્રીઓ/મંત્રીશ્રીઓ વગેરેએ ચૂંટણી પ્રવાસમાં સરકારી કર્મચારી/અધિકારીઓને સાથે નહીં લઇ જવા બાબત.

૬.૧ આદર્શ આચાર સંહિતાના અમલના સમયગાળા દરમિયાન રાજયો/કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રીશ્રીઓ અને કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ તેમની વ્યકિતગત/અંગત મુલાકાત સમયે તેમના અંગત સ્ટાફ પૈકીના એક બિનરાજયપત્રિત અધિકારીને સાથે રાખી શકશે. આ બિનરાજયપત્રિત અધિકારી કોઇ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકશે નહીં અગર કેન્દ્રના મંત્રીશ્રી/મુખ્યમંત્રીશ્રીને તેમના રાજકીય કામકાજમાં મદદ કરી શકશે નહીં. આદર્શ આચાર સંહિતાના અમલ દરમિયાન અંગત સ્ટાફ લઇ જવા અંગેના નિયંત્રણ અંગેની ઉપરોકત સૂચનાઓ ભારતના પ્રધાનમંત્રીશ્રીને લાગુ પડશે નહીં.

૬.૨ મંત્રીશ્રીઓ તેમજ સરકારી નિગમો/બોર્ડના બિનસરકારી પદાધિકારીઓ ચૂંટણી પ્રવાસમાં જાય ત્યારે સરકારી કર્મચારીઓને તેમની સાથે લઇ જઇ શકશે નહીં.

## ૭. રાજયમાં ચૂંટણી પ્રચાર અર્થે આવતા કેન્દ્ર સરકાર કે અન્ય રાજયના મંત્રીશ્રીઓની મુલાકાત અંગે.

ચૂંટણી કામે પ્રવાસમાં આવતા કેન્દ્ર સરકારના કે અન્ય રાજયના મંત્રીશ્રીઓ અને બિનસરકારી પદાધિકારીઓ વગેરેને **રાજયના અતિથિ** ગણી શકાશે નહીં. જો તેઓને સરકારી અતિથિ ગૃહોમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસે સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

## ૮. વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગ બાબત.

૮.૧ વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકના ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે. પરંતું કોઇપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણાં)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ (Casual Meeting) ને પણ મંજુરી આપી શકાશે નહીં.

૮.૨ ચૂંટણી પ્રચારમાં આવેલાં જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઇ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ આ માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો તેઓ બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખી શકાશે નહીં.

૮.૩ કોઇ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતાં કોઇપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાં વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

૮.૪ જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની (Z Scale) કે જે તે રાજયના કાયદાની જોગવાઇ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતું, ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે.

૮.૫ જો કે રાજકીય પદાધિકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઇપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ હાથ ધરી શકશે નહીં.

## ૯. રાજય સરકારની નાણાંકીય સંસ્થાએ લોન માંડવાળ કરવા વગેરે બાબત.

રાજય સરકાર દ્વારા સંપૂર્ણ અથવા આંશિક નાણાંકીય સહાય મેળવતી કોઇપણ નાણાંકીય સંસ્થાએ કોઇપણ વ્યકિત કે કંપનીને આપેલી લોન આચાર સંહિતાનો અમલ કરવાના સમયગાળા દરમિયાન માંડવાળ કરી શકાશે નહીં. તે જ રીતે આવી નાણાંકીય સંસ્થાઓએ લોન આપવાની રકમની જે મર્યાદા નકકી કરી છે તે મર્યાદા આચાર સંહિતાનો અમલ કરવાના સમયગાળા દરમિયાન વધારી શકાશે નહીં.

## ૧૦. રાજકીય સમાચારો/સિધ્ધિઓના પ્રચારમાં સરકારી નાણા/માધ્યમના ઉપયોગ અંગે.

ચૂંટણી દરમિયાન સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોનો અને સિધ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો દ્વારા સરકારી ખર્ચ/જાહેર નાણા દ્વારા ન કરવામાં આવે, તેમજ સરકારી માધ્યમનો દુરુપયોગ ન થાય તે જોવાનું રહેશે.

## ૧૧. ચૂંટણી સભાઓ યોજવા મેદાન અને હેલીપેડના ઉપયોગ બાબત.

મેદાન વગેરે જેવા જાહેર સ્થળોનો ચૂંટણી સભાઓ યોજવા માટે તેમજ ચૂંટણીની બાબતમાં હવાઇ ઉડ્ડયન માટે હેલીપેડનો ઉપયોગ કરવામાં સત્તાધારી પક્ષ એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં. સત્તાધારી પક્ષ જે શરતોએ તેનો ઉપયોગ કરતો હોય એ જ શરતોએ અન્ય પક્ષો અને ઉમેદવારોને આવા સ્થળો અને સવલતોનો ઉપયોગ કરવા દેશે.

## ૧૨. શૈક્ષણિક સંકુલોનો રાજકીય પ્રવૃત્તિ માટે ઉપયોગ.

પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યવસાયિક શિક્ષણ આપતાં સંકુલો/મકાનો/સ્થળોનો ઉપયોગ **સામાન્ય સંજોગોમાં** કોઇપણ રાજકીય પક્ષના ઉમેદવાર/ટેકેદારો/મંત્રીશ્રી દ્વારા રાજકીય પ્રવૃત્તિ માટે થઇ શકે નહીં. અલબત્, રાજયમાં ચૂંટણી પ્રચારના હેતુ માટે મેદાનો ઉપલબ્ધ ન હોવાથી શાળા અને કોલેજોના મેદાનોનો ઉપયોગ કરવા માટે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. શાળા અને કોલેજોના શૈક્ષણિક સમયપત્રકને કોઇપણ સંજોગોમાં અસર થવી જોઇએ નહીં.
૨. શાળા/કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઇએ નહીં અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફિસરની અગાઉથી મંજૂરી લીધી હોવી જોઇએ.
૩. આવી મંજુરી વહેલાં તે પહેલાંના ધોરણે આપેલી હોવી જોઇએ. કોઇપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.
૪. શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટેની ફાળવણીમાં કોઇ ભંગને ચૂંટણી આયોગ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબ ડીવીઝનલ ઓફિસરની રહેશે.

૫. રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઇ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષો મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

## ૧૩. સરકારી વેબસાઇટ ઉપરથી પ્રચારાત્મક વિગતો દૂર કરવા બાબત.

કેન્દ્ર/રાજ્ય સરકારના વિભાગો/તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન/જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ/તાલુકા કક્ષાની તમામ કચેરીઓ/ત્રિસ્તરીય પંચાયતોની કચેરીઓ/નગરપાલિકાઓની તમામ કચેરીઓ અધિકૃત વેબસાઇટ ઉપરથી કેન્દ્ર સરકારના મંત્રીશ્રી/મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રી/સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રી/મેયરશ્રી/પ્રમુખશ્રી, નગરપાલિકાઓ/રાજકીય પદાધિકારીઓની તસ્વીરો/સંદેશાઓ/રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની સિધ્ધિની આંકડાકીય માહિતી/આલેખ/સાફલ્ય ગાથાઓ/ફોટો ગ્રાફ્સ/કેરી કેચર્સ ઇત્યાદી પ્રચારાત્મક વિગતો ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા જયારે આ ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચારસંહિતાના અમલનો વિધિવત અંત આવે તેટલા સમયગાળા દરમ્યાન દૂર કરવાની રહેશે.

## ૧૪. સરકારી કે જાહેર મકાનોમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી/મંત્રીશ્રી/અન્ય કોઈપણ મહાનુભાવોના ફોટોગ્રાફસ સાથેના કેલેન્ડર, ચિત્રો વગેરે પ્રદર્શિત કરવા અંગે.

કોઈપણ સરકારી કે જાહેર મકાનોમાં કોઈપણ જગ્યાએ વડાપ્રધાન, મુખ્યમંત્રી, મંત્રીશ્રી અને બીજા કોઈપણ મહાનુભાવોના ફોટોગ્રાફસ સાથેના કેલેન્ડર, ચિત્રો વગેરે પ્રદર્શિત કરવા નહીં અને જો આવા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલા હોય તો તેને તાત્કાલિક દૂર કરવાના રહે છે. માત્ર મહાત્મા ગાંધી, ભારતના હાલના રાષ્ટ્રપતિ અને રાજયના રાજયપાલશ્રી, ભૂતકાળની ખ્યાતનામ ઐતિહાસિક વ્યકિતઓ, રાષ્ટ્રીય નેતાઓ, કવિઓના ચિત્રો સરકારી મકાનો/જાહેર મકાનોમાં પ્રદર્શિત કરવાનું ચાલુ રાખી શકાશે.

## ૧૫. ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ(Video Conference) નહીં યોજવા તથા સરકારી યોજનાઓના અમલ-પ્રગતિની સમીક્ષા નહીં કરવા બાબત.

ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા જયારે લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચાર સંહિતાનો આરંભ થાય છે. આ તારીખથી ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભા ગૃહની રચના કરતું યોગ્ય જાહેરનામું બહાર પાડવામાં આવે ત્યાં સુધી/વિધાનસભાની પેટા ચૂંટણીનું પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી એટલે કે ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ કે અન્ય પદાધિકારીઓ તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી વિડીયો કોન્ફરરન્સ (Video Conference) યોજી શકશે નહીં. તે જ રીતે મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ સાથે વ્યકિતગત કે સામુહિક રીતે સરકારની યોજનાઓના અમલ-પ્રગતિની સમીક્ષા કરી શકશે નહીં અને તે બાબતે વિડીયો કોન્ફરન્સ (Video Conference) યોજી શકશે નહીં.

## ૧૬. રાહત કાર્યો:-

માનવ સર્જિત અગર કુદરતી આપત્તિના સમયે હાથ ધરવાની રાહત કામગીરી પરત્વે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવી છે.

૧. માનવ સર્જિત અગર કુદરતી આપત્તિના પ્રસંગે ભારતના ચૂંટણી આયોગની જાણ હેઠળ પ્રવર્તમાન દરોએ સીધેસીધી અસરગ્રસ્તોને ઉચ્ચક સહાય આપી શકાશે, પરંતુ, આવા પ્રસંગોએ ઉચ્ચક સહાય આપવાના પ્રવર્તમાન દરોમાં ચૂંટણી આયોગની પૂર્વ મંજુરી સિવાય ફેરફાર કરી શકાશે નહીં.

૨. મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી તબીબી સારવાર માટે દર્દીઓને વ્યક્તિગત સીધી ચુકવણી કરવાના બદલે હોસ્પિટલને ચુકવણી કરવામાં ભારતના ચૂંટણી આયોગની મંજુરી મેળવવી આવશ્યક નથી.

૩. કુદરતી આપત્તિમાં અસરગ્રસ્તોની મુશ્કેલી હળવી કરવાના હેતુસર જરૂરી રાહત કાર્યો અને પગલાંઓ ભારતના ચૂંટણી આયોગની જાણ હેઠળ હાથ ધરી શકાશે.

૪. આમ છતાં, કુદરતી આપત્તિની સંભવિત અસરો નિવારવા માટેના જરૂરી નવા કામો જેવા કે બંધોના અને કેનાલોની મરામતના જરૂરી નવા કામો માત્ર ભારતના ચૂંટણી આયોગની પૂર્વ મંજુરીથી હાથ ધરી શકાશે.

૫. કોઈપણ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત/પૂર ગ્રસ્ત કે આવી કુદરતી આફતોના અસરગ્રસ્ત વિસ્તાર તરીકે ભારતના ચૂંટણી આયોગની પૂર્વ મંજુરી સિવાય જાહેર કરી શકાશે નહીં. ચૂંટણી યોજવાના પૂર્વે જાહેર કરેલ કુદરતી આપત્તિગ્રસ્ત વિસ્તારો ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી સિવાય વિસ્તારી શકાશે નહીં.

૬. એ જ રીતે પ્રધાનમંત્રી રાહત ફંડ અગર મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ચોકકસ વ્યકિતઓના જૂથોને પસંદ કરીને સહાય ભારતના ચૂંટણી આયોગની પૂર્વ મંજુરી સિવાય આપી શકાશે નહીં.

## ૧૭. કામો અને પ્રવૃત્તિઓ:-

નીચે દર્શાવેલા કામો અને પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે **ભારતનાં ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજુરી આવશ્યક છે.**

૧. વિવેકાધીન ગ્રાન્ટમાંથી હાથ ધરવાના કોઈપણ પ્રકારના નવા કામો અને યોજનાઓ હાથ ધરી શકાશે નહીં. આ સંદર્ભમાં વિવેકાધીન ગ્રાન્ટ અન્વયે બજેટમાં સમાવવામાં આવેલ હોય અને જેના માટે કોઈ યોજનાઓ આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ હોય તેના પહેલાં મંજૂર કરવામાં આવેલ ન હોય કે નકકી કરવામાં આવેલ ન હોય તેનો પણ સમાવેશ થાય છે.

૨. જાહેર સાહસોને પુર્નજીવિત કે સરકાર હસ્તક લેવાની દરખાસ્ત (આના જેવા કોઇ નીતિ વિષયક નિર્ણયો) પરત્વે નિર્ણય લઈ શકાશે નહીં.

૩. હયાત યોજના/પરિયોજનાઓ, કાર્યક્રમોના અમલનો વિસ્તાર લંબાવી શકાશે નહીં કે વિસ્તારી શકાશે નહીં.

૪. સરકાર દ્વારા કોઈપણ વ્યકિત, સાહસો તેમજ સંસ્થાઓને જમીન ફાળવી શકાશે નહીં.

૫. જેમાં સરકાર પક્ષકાર હોય તેવા સમજૂતી કરાર (MOU) કે સંમતિ કરાર કરી શકાશે નહીં.

## ૧૮. કાર્યાન્વિત(existing) કામો અને પ્રવૃત્તિઓ બાબત.

નીચે દર્શાવેલા કાર્યાન્વિત(existing) કામો અને પ્રવૃતિઓ હાથ ધરવા માટે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની મંજૂરી આવશ્યક નથી અને તેની જાણ ચૂંટણી આયોગ, નવી દિલ્હીને કરવાની આવશ્યકતા રહેતી નથી.

૧. તમામ પ્રકારની આવશ્યક મંજૂરીઓ મેળવ્યા બાદ ખરેખર શરૂ કરવામાં આવેલા કામો અને યોજનાઓ.

૨. આદર્શ આચાર સંહિતા અમલમાં આવ્યા પહેલા શરૂ કરવામાં આવેલી યોજનાઓ કે જેમાં ચોકકસ હિતાધિકારીઓ/લાભાર્થીઓ નામ સહિત નકકી કરવામાં આવેલા હોય.

૩. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં નોંધાયેલા લાભાર્થીઓને હયાત યોજના હેઠળ આવરી લઈ શકાશે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળની નવી યોજના કે જે કાયદાની જોગવાઈ હેઠળ ફરજિયાત હોય તેવા કામો કે જેના લાભાર્થીઓ નોંધાયેલા હોય અને પ્રોજેકટ અગાઉથી મંજૂર કરવામાં આવેલો હોય અને તેના માટેની બજેટ જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવેલી હોય તેવા પ્રોજેકટો હાથ ધરી શકાશે.

## ૧૯. આદર્શ આચાર સંહિતાના અમલ દરમ્યાન નવા કામો(લાભાર્થી કે કામ લક્ષી) હાથ ધરવા બાબત.

આદર્શ આચાર સંહિતા અમલમાં આવે તે પહેલાં નીચે દર્શાવેલી બધી જ શરતો પરિપૂર્ણ થતી હોય તો તેવા નવા કામો (લાભાર્થી કે કામ લક્ષી) આદર્શ આચારસંહિતાના સમયગાળા દરમ્યાન **ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની જાણ હેઠળ હાથ ધરી શકાશે.**

૧. ગ્રાન્ટની સંપૂર્ણ જોગવાઇ કરવામાં આવેલી હોય.
૨. વહીવટી, તાંત્રિક અને નાણાકીય મંજુરીઓ મેળવવામાં આવેલી હોય.
૩. ટેન્ડરો બહાર પાડવામાં આવેલ હોય, મૂલ્યાંકન કરવામાં આવેલ હોય અને આખરી કરવામાં આવેલ હોય.
૪. કરાર આધારિત કામ ચોકકસ સમય મર્યાદામાં શરૂ કરવા અને પૂર્ણ કરવા અંગે કરારમાં સ્પષ્ટ જવાબદારી નકકી થયેલ હોય અને તેમ ન કરવામાં આવે તો કરારદારને દંડ કરવાની કરારમાં જોગવાઈ હોય.

ઉપર્યુકત ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવેલ તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા કિસ્સામાં જ ભારતના ચૂંટણી આયોગની જાણ હેઠળ તેટલા નવા કામો હાથ ધરી શકાશે, અન્યથા ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની અનુમતિ મેળવવાની રહેશે.

## ૨૦. ટેન્ડરો બહાર પાડવા તથા તેના મૂલ્યાંકન(Evaluation) અને આખરીકરણ બાબત.

જે કિસ્સાઓમાં વૈશ્વિક ટેન્ડરો અગાઉથી બહાર પાડવામાં આવેલા હોય અને તેની સમય મર્યાદા સુનિશ્ચિત કરી હોય તેવા કિસ્સામાં આ ટેન્ડરોનું મૂલ્યાંકન (Evaluation) અને આખરીકરણની કાર્યવાહી હાથ ધરી શકાશે. આ સિવાયના (વૈશ્વિક ટેન્ડરો સિવાયના) ટેન્ડરોના કિસ્સામાં અગાઉ બહાર પાડવામાં આવેલા હોય તો તેનું મૂલ્યાંકન થઈ શકશે, પરંતુ ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય આખરી કરી શકાશે નહી. જો ટેન્ડરો બહાર પાડવામાં આવેલા ન હોય તો ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી સિવાય બહાર પાડી શકાશે નહીં.

## ૨૧. કામના પૂરા થયેલા ભાગ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત.

નિયત કાર્યપધ્ધતિનું પાલન કરવામાં આવેલ હોય અને નાણા વિભાગની અનુમતિ મેળવવામાં આવેલી હોય તેવા કોઈ પણ કામના પૂરા થયેલા ભાગ માટે ગ્રાન્ટ ફાળવવામાં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહીં.

## ૨૨. કોઈ પણ કામો કે વિકાસ પ્રવૃતિઓ સમયે ઔપચારિક સમારંભો(formal function) નહીં યોજવા બાબત.

કોઈ પણ કામો (રાહત કામો સહિત) શરૂ કરતી સમયે કે વિકાસ પ્રવૃતિઓ કરતી સમયે કોઈપણ જાતના ઔપચારિક સમારંભો કે જેમાં રાજકીય મહાનુભાવોની હાજરી હોય તેવા સમારંભો રાખી શકાશે નહીં. ભપકાદાર સમારંભો કોઈ પણ સંજોગોમાં યોજવા નહીં. પરંતુ, સ્થાપિત પ્રણાલિકા અનુસાર મુલ્કી અધિકારીઓની ન્યુનતમ હાજરીમાં સામાન્ય સમારંભો ન્યુનતમ પ્રસિધ્ધિ થાય તે રીતે યોજી શકાશે.

## ૨૩. સંવૈધાનિક સ્વરૂપની સંસ્થાઓ દ્વારા અપાતી નિયમિત નિમણૂક/બઢતી આપવા બાબત.

કેન્દ્રીય જાહેર સેવા આયોગ, રાજ્ય જાહેર સેવા આયોગ કે સ્ટાફ સિલેકશન કમિશન કે અન્ય સંવૈધાનિક સ્વરૂપની સંસ્થાઓ નિયમિત નિમણૂક/બઢતી આપી શકશે. આ સિવાયની બિનવૈધાનિક સંસ્થાઓ દ્વારા ભરતી કરવા અગર બઢતી આપવાના પ્રસંગોએ ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની પૂર્વ મંજૂરી મેળવી લેવી આવશ્યક બની રહે છે.

## ૨૪. ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલ અધિકારીઓ/કર્મચારીઓની બદલી બાબત.

આ ચૂંટણી સાથે સીધી રીતે સંકળાયેલ નીચે દર્શાવેલ અધિકારીઓ/કર્મચારીઓની ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા જયારે લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખથી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન ન થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન બદલીઓ કરી શકાશે નહીં. જે કર્મચારીઓની બદલીના હુકમો આ ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવે તે તારીખ પહેલાં થયેલ હોય પરંતુ તેનો અમલ થયો ન હોય તેવા કિસ્સામાં પણ આવી બદલીનો અમલ મોકુફ રાખવાનો રહેશે.

૧. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,

૨. સર્વે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ,

૩. મહેસૂલ વિભાગ/ખાતાના જિલ્લા/તાલુકા કક્ષાના મહેસુલી અધિકારીઓ.

૪. તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા/જિલ્લા પંચાયતોમાં કામ કરતાં અધિકારીઓ.

૫. કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે સંકળાયેલ સંબધિત રેન્જના પોલીસ મહા નિરીક્ષક/નાયબ પોલીસ મહા નિરીક્ષક, પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર, પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સ્ટેશનના ચાર્જમાં રહેલ પોલીસ અધિકારી તેમજ તેમની હેઠળનો સ્ટાફ.

**ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીની સૂચનાનુસાર વતનના જિલ્લા અગર તા.૩૧/૦૫/૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં ત્રણ વર્ષથી વધુ સમયથી એક જ જિલ્લામાં ફરજ બજાવતાં હોય વગેરે કારણોસર ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓના કિસ્સામાં મુખ્ય નિર્વાચન અધિકારીની અનુમતિ મેળવીને જે વિભાગો દ્વારા બદલીના હુકમો કરવામાં આવે ત્યારે અત્રેથી આપેલી અનુમતિનો હુકમોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. આ રીતે કરવામાં આવેલા હુકમોનો અમલ કરવાનો રહેશે. આ અંગેનું માર્ગદર્શન મેળવવા માટે વિભાગોએ અત્રે રજૂઆત કરવાની રહેશે નહીં.**

## ૨૫. બદલી અને રજા પર પ્રતિબંધ :-

ચૂંટણીની કામગીરી ઘણી જ વિશાળ છે અને રાજ્યના સમગ્ર વહીવટી તંત્રનો ચૂંટણીની કામગીરી માટે સંપૂર્ણ સહકાર મેળવવો આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. આથી રાજ્ય સરકારના, પંચાયતોના, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશનો વગેરેના વર્ગ-૧ થી શરૂ કરીને વર્ગ-૪ સુધીના તમામ કર્મચારીઓની સેવાઓ ચૂંટણીના કામે ઉપલબ્ધ કરવી જરૂરી છે. જો આ અધિકારીઓ/કર્મચારીઓની બદલી કરવામાં આવે કે રજાઓ મંજૂર કરવામાં આવે તો ચૂંટણી સંચાલન અને આયોજન તેમજ વ્યવસ્થા તંત્રને વિપરિત અસર થવાની સંભાવના રહેલી છે. જે ધ્યાને લઇને ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ/કર્મચારીઓની રજા તેમજ બદલી પર પ્રતિબંધ માટે નીચે પ્રમાણેની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

**(૧)** સચિવાલયના સર્વે વિભાગો, ખાતાના વડાઓ, કચેરીના વડાઓ, પંચાયતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશને તેમના તાબા હેઠળના અધિકારીઓ અને અન્ય કર્મચારીગણ કે જેમની સેવાની જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અગર ચૂંટણી અધિકારીને આવશ્યકતા હોય તેમની સેવાઓ કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીને હવાલે મુકવી.

**(૨)** સચિવાલયના બધા વિભાગોએ, ખાતાના વડાઓએ, કચેરીના વડાઓએ, પંચાયતોએ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ, બોર્ડ/કોર્પોરેશને તેમના તાબા હેઠળના અધિકારીઓ અને અન્ય કર્મચારીગણની તાત્કાલિક અસરથી ચૂંટણીઓ પુરી થાય ત્યાં સુધી રજાઓ મંજુર કરવી નહીં. આ સમયગાળા દરમિયાન કોઇપણ અધિકારી/કર્મચારીની બદલી કરવી નહીં. જો અનિવાર્ય સંજોગોમાં કોઇ બદલી કરવી આવશ્યક જણાય તેવા કિસ્સામાં જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીની તેમજ રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ બદલી કરવામાં આવે કે રજાઓ મંજુર કરવામાં આવે તે જોવા સર્વે સંબંધકર્તાને આથી જણાવવામાં આવે છે. આ પરિપત્રથી આપવામાં આવેલી સૂચના રવાના કર્યા પછીના સમયગાળા દરમિયાન કોઇ પણ પ્રકારની રજા મંજૂર કરવામાં આવેલી હશે તો તે આપોઆપ રદ થયેલી ગણવામાં આવશે અને તે બાબતે ઉપર દર્શાવેલી કાર્યપધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

**(૩)** ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણી યોજવા માટે જે તારીખે જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઇ જાય છે. આ સંજોગોમાં ચૂંટણી યોજવાની જાહેરાત કર્યાની તારીખ પહેલાં સચિવાલયના વિભાગો/ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન દ્વારા અધિકારી/કર્મચારીઓની બદલી કરવાના હુકમો રવાના કરવામાં આવેલા હોય પરંતુ તેનો અમલ ન થયેલ હોય તો તેવા હુકમોનો અમલ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન ન થાય ત્યાં સુધી કરવાનો રહેતો નથી. જે કિસ્સામાં બદલીના હુકમનો અંશતઃ અમલ થયેલ હોય અગર બદલીના હુકમોનો અમલ કરવો વહીવટી રીતે અનિવાર્ય હોય તેવા સંજોગોમાં આ બદલીના હુકમોનો અમલ કરવા માટે રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની પૂર્વ અનુમતિ મેળવીને જ અમલ કરી શકાશે. જ્યારે જિલ્લા કક્ષાની કચેરી માટે સંબંધિત જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીની પૂર્વ અનુમતિ મેળવીને જ બદલીના હુકમોનો અમલ કરી શકાશે.

**(૪)** ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણી યોજવા માટે જે તારીખે જાહેરાત કરવામાં આવે તે તારીખથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઇ જાય છે અને ચૂંટણી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી અમલી રહે છે. આ તારીખથી સચિવાલયના તમામ વિભાગો,

ખાતાના વડાઓ, કચેરીના વડાઓ, પંચાયતો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશન તેમના તાબા હેઠળના અધિકારી/કર્મચારીઓની રજા મંજુર કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. અધિકારી/કર્મચારીઓની રજા મંજુર કરવા અગર નામંજુર કરવા બાબતે નીચેની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**(૪.૧)** જે અધિકારી/કર્મચારીઓની રજાઓ રાજય કક્ષાએ મંજુર કરવામાં આવતી હોય તેવા અધિકારી/કર્મચારીઓની રજાઓ આદર્શ આચાર સંહિતાના અમલ દરમિયાન મંજુર કરવી અનિવાર્ય જણાતી હોય તેવા કિસ્સામાં રજા મંજુર કરવાની ભલામણ સહ દરખાસ્ત સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને સ્વચ્છ ટાઇપ નકલમાં કરવાની રહેશે. ખાતાના વડાઓની કચેરીના કીસ્સાઓમાં સંબંધિત વિભાગો મારફતે રજા મંજુરીની દરખાસ્ત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને સ્વચ્છ ટાઇપ નકલમાં કરવાની રહેશે. જે અધિકારી/કર્મચારીઓની રજા જિલ્લા કક્ષાએ મંજુર કરવા પાત્ર હોય તેવા અધિકારી/કર્મચારીની રજાઓ મંજુર કરવા માટે સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓને દરખાસ્ત કરવાની રહેશે. જિલ્લા કક્ષાના અધિકારી/કર્મચારીઓની રજા મંજુરીની દરખાસ્ત મુખ્ય નિર્વાચન અધિકારીને કોઇપણ સંજોગોમાં રજૂ કરવી નહીં.

**(૪.૨) સચિવાલયના વિભાગોના સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/ખાતાના વડા/કચેરીના વડાઓને જયારે અધિકારી/કર્મચારીની રજાઓ મંજુર કરવી આવશ્યક જણાતી ન હોય તેવા કિસ્સામાં રજાઓ ના મંજુર કરવા અંગેનો નિર્ણય તેમની કક્ષાએથી લેવાનો રહેશે. આવી દરખાસ્તો રાજય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી અગર જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીને રજૂ નહીં કરવા ભારપૂર્વક જણાવવામાં આવે છે.**

**૨૬. આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે સચિવાલયના વિભાગો મારફત કરવામાં આવતી દરખાસ્ત બાબત.**

લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણીના અનુસંધાને અમલમાં આવેલી આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત મેળવવા માટે સચિવાલયના વિભાગો મારફત દરખાસ્ત કરવામાં આવે ત્યારે તે દરખાસ્ત **અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી**ની સહીથી જ કરવાની રહેશે. ખાતાના વડાઓએ સચિવાલયના તેમના વહીવટી વિભાગ મારફત જ દરખાસ્ત અત્રે રજૂ કરવાની રહેશે. કોઈ પણ ખાતાના વડા બારોબાર દરખાસ્ત ન કરે તેવી તાકીદ કરવા સચિવાલયના સર્વે વિભાગોને જણાવવામાં આવે છે. આ પરિપત્ર સાથે સામેલ ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતો ભરીને આવશ્યક જણાય તેવા કિસ્સાઓમાં વિભાગના **અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી**ની ભલામણ સાથે જ દરખાસ્ત કરવાની રહેશે. જે દરખાસ્ત સંદર્ભે ભારતના ચૂંટણી આયોગની મંજૂરી મેળવવી આવશ્યક હોય તેવી દરખાસ્તો વિભાગના સ્પષ્ટ અભિપ્રાય સાથે તથા વ્યાજબીપણાનાં કારણો દર્શાવતી નોંધ(Justification Note) સાથે અંગ્રેજીમાં MS Word માં હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપી(CD) માં અચૂક મોકલવાની રહેશે.

**૨૭. આદર્શ આચારસંહિતા(Model Code of Conduct) અંગેની ઉપર્યુકત તમામ સૂચનાઓના આખરી અર્થઘટન અંગે.**

ભારતના ચૂંટણી આયોગ,નવી દિલ્હીની વેબ સાઇટ **https://eci.gov.in** છે. આ વેબ સાઇટ પર ઉપર્યુકત લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભાની પેટા ચૂંટણીના અનુસંધાને પ્રેસ નોટ અને આચારસંહિતા અન્વયે મુળ સૂચનાઓ અંગ્રેજીમાં મુકવામાં આવેલ છે. આથી, આ અંગે જો કોઇ વધુ વિગતોની આવશ્યકતા હોય કે સૂચનાઓના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીની ઉકત વેબ

સાઈટ પરની મૂળ અંગ્રેજી સૂચનાઓ આખરી ગણાશે. આ સૂચનાઓનું સર્વે સંબંધિતોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**૨૮.** આ સૂચનાઓનો અમલ **તા.૧૦/૦૩/૨૦૧૯**થી ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભા ગૃહની રચના કરતું યોગ્ય જાહેરનામું બહાર પાડવામાં આવે ત્યાં સુધી તથા વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીઓનું પરિણામ જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી એટલે કે ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી કરવાનો રહે છે.

**૨૯.** આ સૂચનાઓ માન.મુખ્યમંત્રીશ્રી તથા તમામ માન.મંત્રીશ્રીઓ અને માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના અગ્રસચિવશ્રી/સચિવશ્રી/અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

**૩૦.** સચિવાલયના વિભાગોને ઉપર્યુકત સુચનાઓ તેઓના નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરી તેમજ બોર્ડ, નિગમ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મુકવા વિનંતી કરવામાં આવે છે.

**(ડો.એસ.મુરલી ક્રિષ્ના)**
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજ્ય

પ્રતિ,
- માન.ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી.
- માન.મુખ્યમંત્રીના અગ્રસચિવશ્રી (માન.મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.)
- સર્વે માન.મંત્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવોનાના અંગત સચિવશ્રીઓ (માન.મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવોના ધ્યાને મુકવાની વિનંતી સહ.)
- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ,
- સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓ,
- સર્વે ખાતાના વડાઓ,
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ અને પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ,
- સર્વે લોકસભા મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ,
- સંબંધિત વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ,
- માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (જરૂરી પ્રસિધ્ધિ આપવા સારું)
- સર્વે રાજકીય પક્ષો.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

**લોકસભાની સામાન્ય ચૂંટણી/વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૧૯ના અનુસંધાને આદર્શ આચાર સંહિતા(Model Code of Conduct)ના અમલમાંથી મુક્તિ મેળવવા માટે કરવાની દરખાસ્ત સાથે રજૂ કરવાનું ચેકલીસ્ટ**

| ક્રમ | વિગત | | વિભાગ/ખાતાના વડા/કચેરીએ ભરવાની વિગતો |
|---|---|---|---|
| **૧.** | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુક્તિ મેળવવા કોણે રજૂઆત કરી છે. | | |
| ૧.૧ | વહીવટી વિભાગનું નામ | | |
| ૧.૨ | ખાતાના વડાનું નામ | | |
| ૧.૩ | જિલ્લા/તાલુકા કચેરીનું નામ | | |
| ૧.૪ | વહીવટી વિભાગ સિવાયની કચેરીના કિસ્સામાં ખાતાના વડા/વિભાગ મારફત દરખાસ્ત કરવામાં આવેલી છે કે કેમ ? | | |
| ૧.૫ | ઉપર(૧.૪)માં દર્શાવેલ કચેરીએ કયા કારણસર વિભાગ/ખાતાના વડા મારફત દરખાસ્ત રજૂ કરેલ નથી ? | | |
| ૧.૬ | આ દરખાસ્ત જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવેલી છે. | | |
| **૨.** | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુક્તિ મેળવવા માટે કરવામાં આવેલી દરખાસ્ત કેવા પ્રકારની છે ?<br>સામાન્ય/અસામાન્ય | | |
| | અગ્રતા/ટોચ અગ્રતા | | |
| ૨.૧ | દરખાસ્ત શેને સંબંધિત છે ? | | |
| | **ક. સેવા વિષયક** | | |
| | ૧. | બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવું-બઢતી રાજય જાહેર સેવા આયોગ /બંધારણીય સંસ્થા/અન્ય બિન બંધારણીય સંસ્થા મારફત કરવામાં આવે છે. | |
| | ૨. | ફરજ મોકૂફી પર ઉતારવા/ફરજ મોકૂફી પરથી સેવામાં પરત લેવા | |
| | ૩. | બદલી કરવા/બદલીના હુકમનો અમલ અટકાવવા | |
| | ૪. | એડહોક નિમણૂક આપવા | |
| | ૫. | રજા મંજૂર કરવા/રજા પ્રવાસ રાહત મંજૂર કરવા/વતન પ્રવાસ મંજૂર કરવા | |
| | ૬. | ભરતી કરવા માટે મંજૂરી આપવી/ઈન્ટરવ્યુનું આયોજન/કોલ લેટર રવાના કરવા/ભરતીનું પરિણામ બહાર પાડવું/ભરતીની પ્રક્રિયા હાથ ધરવી/લશ્કરી ભરતી મેળાનું આયોજન | |

| | | | |
|---|---|---|---|
| | ૭. | ફરજિયાત નિવૃત્ત કરવા | |
| | ૮. | તાલીમ કાર્યક્રમ/વિદેશ તાલીમ કાર્યક્રમ | |
| | ૯. | ધાર્મિક હેતુસર પ્રવાસ/હજ કરવા માટે પ્રવાસ મંજૂરી | |
| | ૧૦. | અન્ય | |
| | **ખ.કાર્યક્રમનું આયોજન** | | |
| | ૧. | ઉદઘાટન સમારોહનું આયોજન/સમાપન સમારોહનું આયોજન | |
| | ૨. | રેલી યોજવા | |
| | ૩. | મેળા/કાર્યક્રમોનું આયોજન | |
| | ૪. | પ્રદર્શન યોજવા/પ્રદર્શન સહ વેચાણ હાટ યોજવા | |
| | ૫. | પરિસંવાદ/વર્કશોપનું આયોજન/ઉત્સવોનું આયોજન | |
| | ૬. | પ્રોટોકલ અન્વયે મંત્રી/બોર્ડ નિગમના સભ્ય/ પદાધિકારીઓને સ્ટેટ ગેસ્ટ જાહેર કરવા/રાજયના પ્રવાસને મંજૂરી | |
| | ૭. | અન્ય | |
| | **ગ–નાણાકીય** | | |
| | ૧. | ગ્રાન્ટ ફાળવણી | |
| | ૨. | જાહેરાત આપવા | |
| | ૩. | યોજનાકીય ખર્ચને મંજૂરી આપવા | |
| | ૪. | કરરાહતો આપવા/વેરા ઘટાડવા/વેરા વધારવા | |
| | ૫. | ખરીદી કરવા માટેની દરખાસ્ત | |
| | ૬. | આકસ્મિક નિધિમાંથી પેશગી ઉપાડવા બાબત | |
| | ૭. | ગ્રાંટનું એડીશનલ ઓથોરાઈઝેશન | |
| | ૮. | બજેટ અંદાજો મંજૂર કરવા–દાખલ કરવા | |
| | ૯. | વાહનોની ખરીદી | |
| | ૧૦. | અન્ય | |
| | **ઘ–માધ્યમ સંબંધિત** | | |
| | ૧. | હયાત પ્રકાશન ચાલુ રાખવા | |
| | ૨. | પ્રકાશન કરવા | |
| | ૩. | જાહેરાત આપવા | |

| | | | |
|---|---|---|---|
| | ૪. | હોર્ડીંગ લગાવવા | |
| | ૫. | વિજાણુ માધ્યમો/મુદ્રણ માધ્યમોમાં જાહેર ખબર આપવી | |
| | ૬. | અન્ય | |
| | **ચ-વિકાસ કામો** | | |
| | ૧. | કોન્ટ્રેકટ અંગે કરાર કરવા | |
| | ૨. | લેટર ઓફ ઈન્ટેન્ટ બહાર પાડવા | |
| | ૩. | ટેન્ડરો બહાર પાડવા/મૂલ્યાંકન કરવું/આખરી કરવું/આખરી થયેલ ટેન્ડરના અનુસંધાને કોન્ટ્રેકટર/ઈજારાદારને કામો આપવા/નેગોશિયેશન કરવા | |
| | ૪. | વિકાસ કામો ચાલુ રાખવા | |
| | ૫. | એમઓયુ કરવા | |
| | ૬. | રસ્તા સરફેઈસ કરવા/રી સરફેઈસ કરવા/હયાત રસ્તાઓનું વિસ્તૃતીકરણ | |
| | ૭. | આવશ્યક મરામત કામોને મંજૂરી આપવી | |
| | ૮. | જમીન ફાળવણી/જમીનના બિનખેતીના ઉપયોગની મંજૂરી આપવા | |
| | ૯. | અન્ય | |
| | **છ-કાયદો અને વ્યવસ્થા** | | |
| | ૧. | ટ્રિબ્યુનલ/પંચમાં સભ્ય/અધ્યક્ષની નિમણૂક | |
| | ૨. | હયાત પંચની મુદતમાં વધારો કરવા | |
| | ૩. | અદાલતોનું ઉદઘાટન | |
| | ૪. | સરકારી વકીલોની નિયુકિત/મુદતમાં વધારો | |
| | ૫. | કેદીને પેરોલ રજા /ફર્લો રજા મંજૂર કરવા બાબત | |
| | ૬. | કરવામાં આવેલ કેસ પરત ખેંચવો | |
| | ૭. | પાસા/અન્ય અટકાયતી કાયદા હેઠળ અટકાયત કરાયેલ કેદીના સંબંધમાં લેવાનો નિર્ણય | |
| | **જ- અન્ય** | | |
| | ૧. | ન્યાયિક ચુકાદાના અનુસંધાને કરવાની થતી અનિવાર્ય કાર્યવાહી જમીન ફાળવણી | |
| | ૨. | રાજય મંત્રીમંડળે લીધેલ નિર્ણય અન્વયે કરવાની કાર્યવાહી | |
| | ૩. | માન.મુખ્ય મંત્રીશ્રી ફંડમાંથી સહાય આપવી | |
| | ૪. | એવોર્ડ એનાયત કરવા/પારિતોષિકો આપવા | |

| | | |
|---|---|---|
| | ૫ અન્ય | |
| ૨.૨ | બજેટ જોગવાઈ કરવામાં આવેલી છે.?<br>આયોજન બહાર/આયોજન/કેન્દ્ર પુરસ્કૃત યોજના | |
| **૩.** | કોલમ ૨.૧(ખ) અન્વયે જો કાર્યક્રમનું આયોજન કરવાનું હોય તો નીચેની વિગતો દર્શાવવાની રહેશે. | |
| | કાર્યક્રમની તારીખ અને સમય –કાર્યક્રમની વિગત | |
| | કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થા/સંસ્થાઓનું નામ અને અન્ય વિગતો | |
| | કાર્યક્રમનો દરજ્જો:–સત્તાવાર/બિન સત્તાવાર | |
| | કાર્યક્રમનું સ્વરૂપ-ઉદઘાટન/સમાપન સમારોહ/વિકાસ કામોનું લોકાર્પણ/અન્ય | |
| | કાર્યક્રમના આયોજનનો ખર્ચ કોણ ભોગવશે. વિભાગ/ખાતાના વડા/ખાનગી વ્યકિત/સ્વૈચ્છિક સંસ્થા | |
| | કાર્યક્રમમાં કોણ હાજર રહેશે? અધિકારી/કર્મચારીઓ,<br>રાજકીય નેતાઓ/કાર્યકરો, કંપનીના અધિકારીઓ<br>કાર્યક્રમમાં કુલ કેટલા લોકો હાજર રહેનાર છે. | |
| **૪.** | આદર્શ આચાર સંહિતાના અમલમાંથી મુકિત આપવા માટે કરવામાં આવેલી દરખાસ્તને કઈ કક્ષાએ મંજૂરી આપી શકાય તેમ છે?<br>૧.જિલ્લા કક્ષાએ<br>૨. મુખ્ય નિર્વાચન અધિકારી કક્ષાએ<br>૩.ભારતના ચૂંટણી આયોગની કક્ષાએથી | |
| **૫.** | ભારતના ચૂટણી આયોગની મંજૂરી મેળવવાની આવશ્યક હોય તો આયોગને કરવાની દરખાસ્તનો મુસદો અંગ્રેજીમાં(MS Word)માં હાર્ડ કોપી–સોફ્ટ કોપી સાથે રજૂ કરેલ છે ? | |
| **૬.** | **આ દરખાસ્ત ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી મુલત્વી રાખી શકાય તેમ છે કે કેમ ? જો ના તો તેના સ્પષ્ટ કારણો/દરખાસ્તનું વાજબીપણું અવશ્ય દર્શાવવું.** | |
| **૭.** | ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચાર સંહિતાના અમલની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કાર્યક્રમનું આયોજન થઈ શકે કે કેમ તે અંગે વિભાગનું મંતવ્ય/સ્પષ્ટ કારણો રજૂ કરવા | |
| **૮.** | **આ દરખાસ્ત મંજૂર થવાથી મતદારો પ્રભાવિત થશે કે કેમ?** | |

**વિભાગના વડાની સહી તથા હોદો**

**શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા**

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૬ –૧–૨૦૧૦

ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૧)–૧૨૨૦૦૯–ક

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ઙ અને ૨૪૩–વ–ક ની જોગવાઈ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પ્રવર્તમાન કાયદા / નિયમોની જોગવાઈ અનુસાર રાજય ચૂંટણી પંચની રચના કરવામાં આવેલ છે. રાજય ચૂંટણી પંચ બંધારણીય હકૂમતની રૂઈએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓનું સંચાલન, દેખરેખ અને માર્ગદર્શન આપવાની કામગીરી કરે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓના સંચાલનમાં સરળ અમલીકરણ, મુકત અને ન્યાયી વાતાવરણમાં અને નિષ્પક્ષ સુચારૂ રીતે ચૂંટણી યોજાય તે માટે આદર્શ આચાર સંહિતાના અમલ માટે કેટલાક આદેશો ભૂતકાળમાં રાજય ચૂંટણી પંચે બહાર પાડેલ છે. જે આદેશોના સરળ અમલીકરણ માટે સારાંશરૂપે સંકલિત માર્ગદર્શન સૂચનાઓ બહાર પાડવી જરૂરી જણાય છે. <u>આ માર્ગદર્શન સૂચનાઓ ઉદાહરણરૂપે છે. આ આચાર સંહિતાનું અમલીકરણ રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, સરકારશ્રીના વિવિધ સંબંધિત વિભાગો / ખાતા વિગેરેએ કરવાનું રહે છે.</u>

**આદેશ :–**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા ચૂંટણીની જાહેરાતની તારીખથી, ચૂંટણી પરિણામની જાહેરાત સુધી જે તે સંસ્થાના ચૂંટણી હેઠળના વિસ્તારો પૂરતો અમલ કરવાનો રહેશે. આવી ચૂંટણીઓ સમયે શાસક પક્ષ, રાજકીય પક્ષો તથા અન્ય ઉમેદવારોએ નીચેની વિગતોએ આચાર સંહિતાનો અમલ કરવાનો રહેશે.

**<u>સામાન્ય આચારણ :</u>**

⇨ <u>શું ન કરવું :–</u>

(૧) શાસક પક્ષે / સરકારની સિધ્ધિઓ સંદર્ભમાં કોઈ એક અથવા તમામ પ્રકારની જાહેરાતો સરકારી તિજોરીના અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ખર્ચે કરવી પ્રતિબંધિત છે. કોઈપણ મતદાન મથક અથવા ગણતરીના સ્થળે કોઈપણ મંત્રી / સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો સભ્ય પોતે તે મતદાર વિસ્તારનો ઉમેદવાર હોય અથવા મતદાન માટે આવેલ મતદાર હોય તે સિવાય પ્રવેશ કરી શકશે નહિ.

(૨) ચૂંટણી ઝૂંબેશ / ચૂંટણીની કામગીરી સાથે સરકારી કામકાજ જોડી દેવું નહિ. મતદારને નાણાંકીય અથવા અન્ય કોઈ પ્રલોભન આપવા નહિ. મતદારોની ધાર્મિક, સાંપ્રદાયિક, જાતીય / કોમી લાગણીઓ દુભાવવી નહિ. પ્રવર્તમાન મતભેદો વધારે ગંભીર રૂપ ધારણ કરે અથવા પરસ્પર દ્વેષભાવ ઉભો થાય અથવા જુદી જુદી જાતિઓ, સમુદાયો અથવા ધાર્મિક અથવા ભાષાકીય જૂથો વચ્ચે તણાવ ઉભો થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ.

(૩) અન્ય પક્ષોના નેતાઓ અથવા કાર્યકરોની જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ન હોય તેવા તેમના અંગત જીવનના પાસાઓની ટીકા–ટિપ્પણી કરવા દેવી નહિ. અન્ય પક્ષો અથવા તેમના કાર્યકરોની ખોટા /

બેબુનિયાદ આક્ષેપો અથવા અર્થહીન બાબતોના આધારે ટીકા–ટિપ્પણ કરવા નહિ. ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા વિગેરે અથવા કોઈપણ પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહિ.

(૪) ભ્રષ્ટાચાર અથવા ચૂંટણી સંબંધી ગુનાઓ જેવા કે, લાંચ રૂશ્વત, વગનો અનુચિત ઉપયોગ, મતદારોને ધમકાવવા, મતદાન મથકના ૧૦૦ (સો) મીટરની અંદર ચૂંટણી પ્રચાર કરવો, મતદાન બંધ કરવા માટે નિયત કરેલ કલાક સહિત પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન જાહેર સભાઓ યોજવી અને મતદાન મથક સુધી જવા આવવા માટે મતદારોના વાહનોની અવર–જવર જેવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ રહેશે. મત પ્રદર્શન માટે સભાઓ યોજવી અથવા કોઈ વ્યકિતના અભિપ્રાય અથવા પ્રવૃત્તિઓ સામે વિરોધ દર્શાવીને તેમના ઘરની સામે ધરણાં કરવા, જેવી પ્રવૃત્તિઓ કરવી નહિ. સ્થાનિક કાયદાઓને આધિન, ધ્વજ–સ્તંભ ઉભા કરવા, બેનર મુકવા, નોટિસો ચોંટાડવી, અને સૂત્રો લખવા વિગેરે (જે જિલ્લા ચૂંટણી અધિકારીને દર્શાવવા અને જમા કરાવવાના રહેશે.) માટે માલિકની ખાસ પરવાનગી સિવાય કોઈ વ્યકિતની જમીન, મકાન, કંમ્પાઉન્ડ દિવાલ, વાહનો વિગેરેનો, કોઈપણ વ્યકિત ઉપયોગ કરી શકાશે નહિ. આમાં ખાનગી અને જાહેર બંને પ્રકારની મિલકતોનો સમાવેશ થાય છે.

(૫) રાજકીય પક્ષો અથવા ઉમેદવારોએ ચૂંટણી માટે પ્રચાર અગર અન્ય કાર્યક્રમ માટે સરઘસ કાઢવા માટે સક્ષમ અધિકારીની જરૂરી પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. સરઘસ યોજનાર પક્ષે કે ઉમેદવારે સરઘસ શરૂ થવાના સમય અને સ્થળ, પસાર થવાનો માર્ગ, સરઘસ પુરૂ થવાનું હોય તે સ્થળ અને સમય અંગે અગાઉથી નિર્ણય કરી, સંબંધિતોને અગાઉથી જાણ કરવાની રહેશે. સામાન્ય સંજોગોમાં નિયત થયેલ કાર્યક્રમમાં ફેરફાર કરવો નહિ. આયોજકોએ સ્થાનિક પોલિસતંત્રને પણ અગાઉથી કાર્યક્રમની જાણ કરવાની રહેશે, જેથી પોલિસતંત્ર જરૂરી વ્યવસ્થા કરી શકે. સરઘસનાં સમયે ટ્રાફિકમાં કોઈ અવરોધ ઉભો ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

અન્ય રાજકીય પક્ષો અથવા ઉમેદવારો દ્વારા આયોજીત જાહેર સભાઓ અથવા સરઘસોમાં ખલેલ પહોંચાડવી નહિ. અન્ય કોઈ પક્ષ જે સ્થળે સભાનું આયોજન કરી રહયો હોય તે સ્થળ પાસે સરઘસો કાઢવા નહિ. સરઘસ કાઢનારાઓએ પોતાની સાથે જેનો મિસાઈલ અથવા હથિયાર તરીકે દુરૂપયોગ થઈ શકે તેવી કોઈપણ ચીજ વસ્તુઓ લઈ જવી નહિ. અન્ય પક્ષો અથવા ઉમેદવારોએ બહાર પાડેલા / લગાડેલ પોસ્ટરો દૂર કરવા નહિ અથવા તેને અવાચ્ય બનાવવા નહિ. ઓળખ કાપલીઓના વિતરણ માટે મતદાનના દિવસે ઉપયોગમાં લેવાતા સ્થળે અથવા ચૂંટણી મથકો નજીક પોસ્ટરો, ફલેગ, સંકેતો અથવા અન્ય કોઈપણ પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરવી નહિ.

(૬) સવારના ૮–૦૦ વાગ્યા પહેલાં અથવા રાત્રે ૧૦–૦૦ વાગ્યા પછી સંબંધિત અધિકારીની લેખિત પૂર્વમંજુરી સિવાય ફરતા વાહનો ઉપરના સ્ટેટિક અથવા માઉન્ટેડ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સંબંધિત અધિકારીની લેખિત પૂર્વમંજુરી સિવાય જાહેર સ્થળો અને સભા સરઘસના સ્થળે પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ સામાન્ય રીતે આવી સભાઓ / સરઘસો રાત્રે ૧૦–૦૦ વાગ્યા પછી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને વધુમાં તે સ્થાનિક કાયદા સંબંધિત વિસ્તારની સલામતી વ્યવસ્થાની સ્થિતિ અને હવામાનની સ્થિતિ, તહેવારો, ઋતુ, પરીક્ષાઓનો સમયગાળો, વિગેરે જેવી અન્ય સુસંગત વિચારણાને પણ આધિન રહેશે.

(૭) મતદાનના દિવસે સલામતી અંગે ધમકી મળી હોય અને ત્યાંથી સત્તાવાર સુરક્ષા પુરી પાડવામાં આવી હોય તેવી વ્યકિતએ, તેના સુરક્ષા કર્મચારી સહિત મતદાન મથકની હદની આસપાસના વિસ્તારમાં (૧૦૦ મીટરની અંદર) પ્રવેશવું નહિ. વધુમાં મતદાનના દિવસે આવી કોઈ વ્યકિતએ તેના સલામતી કર્મચારી વર્ગ સાથે મતદાન મથકની આસપાસ ફરવું નહિ. જેને સત્તાવાર સલામતી પુરી પાડવામાં આવી હોય તે વ્યકિત મતદાર હોય તો પણ તે અથવા તેણીએ સુરક્ષા કર્મચારી સાથેની તેની અવર–જવર મતદાન કરવા પુરતી જ મર્યાદિત રાખવી. સુરક્ષા અંગે ધમકી મળી હોવાના કારણે જેને

સત્તાવાર સુરક્ષા મળી હોય અથવા પોતાના માટે જેણે ખાનગી સલામતી સુરક્ષા રાખ્યા હોય તેવી વ્યકિતની ચૂંટણી એજન્ટ અથવા મતદાન એજન્ટ અથવા મત ગણતરી એજન્ટ તરીકે નિયુકિત કરવી નહિ.

(૮) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓની જાહેરાત થતાં મુખ્ય મંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને અન્ય રાજકીય પક્ષનાં ઉમેદવારો ચૂંટણી વિષયક બાબતે વહીવટી તંત્ર સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મીટીંગ કે વિડીયો કોન્ફરન્સ યોજી શકશે નહિ. ચૂંટણી હેઠળના સંબંધિત વિસ્તારમાં કોઈ જાહેર સભા માટે સરઘસ માટે, સામાન્ય પ્રચાર માટે ફરતા વાહનો અથવા અન્યથા ઉપયોગમાં લેવાના વાહનો ઉપર લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિતોએ રાજય સરકારના સક્ષમ સત્તાધિકારીઓની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

(૯) ચૂંટણીની જાહેરાતની તારીખથી શરૂ થતી અને ચૂંટણીના પરિણામની તારીખે પુરી થતી સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીના કાર્યના હેતુ માટે કોઈપણ પ્રકારના ગમે તે વાહન ઉપર ફીટ કરેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી સવારના ૮–૦૦ થી રાત્રીના ૧૦–૦૦ કલાકની વચ્ચે જ આપવામાં આવશે. આ સિવાયના સમયગાળાની લાઉડ સ્પીકરની પરવાનગી મળશે નહિ. સ્થાનિક કાયદો અને વિસ્તારની સલામતીની જરૂરીયાતોના પ્રસંગ, પરીક્ષા સમય વિગેરે બાબતોને આધીન રહેશે. સક્ષમ સત્તાધિકારીની લેખિત પરવાનગી વગર જે વાહન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા જણાશે તો તે વાહન વિગેરે જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તદ્‌ઉપરાંત લાઉડ સ્પીકરના ઉપયોગ વખતે જાહેર પર્યાવરણ અને શાંતિનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

(૧૦) <u>કલ્યાણ યોજનાઓ અને સરકારી કામો અંગે :–</u>

૧. નવી યોજનાઓ અથવા કાર્યક્રમો અથવા છૂટછાટો અથવા નાણાંકીય અનુદાન અંગે કોઈપણ રૂપે અથવા તે અંગેના વચનની જાહેરાત, શિલાન્યાસ વિગેરે શાસકપક્ષની તરફેણમાં મતદારોને અસરકર્તા હોઈ તેના પર પ્રતિબંધ છે.

૨. આ પ્રતિબંધ સરકારની નવી યોજનાઓ અને ચાલુ યોજનાઓને પણ સરખો જ લાગુ પડે છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાજય માટે ઉપયોગી યોજનાઓ કે જે પૂર્ણતાને આરે હોય અને જેમનો ઉપયોગ અથવા કામગીરી લોકોના હિતમાં હોય તેમને અટકાવી દેવી અથવા વિલંબિત કરવી. આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થતાં આવી યોજનાઓ શરૂ નહિ કરવા માટે અથવા નિષ્ક્રિય રાખી મુકવા માટે કોઈ ખોટુ કારણ આપી શકાશે નહિ. તેવી જ રીતે આવી યોજનાઓ રાજકીય પદાધિકારીઓ સાથે સંબંધ રાખ્યા વગર અથવા કોઈપણ પ્રકારની ધામધૂમ કે સમારંભો વિના મુલ્કી અધિકારીઓ દ્વારા જ શરૂ થાય તે સુનિશ્ચિત કરવું. જેથી શાસકપક્ષની તરફેણમાં મતદારોને પ્રભાવિત કરવાના હેતુથી આવી શરૂઆત કરવામાં આવી છે એવી છાપ ઉભી ન થાય. જો તેમાં શંકા જાય તો જિલ્લા ચૂંટણી અધિકારી / રાજય ચૂંટણી પંચ પાસેથી તે અંગે સ્પષ્ટતા મેળવવી.

૩. કોઈ ચોકકસ સરકારી યોજના માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી હોય અથવા એ યોજનાને મંજૂરી આપવામાં આવી હોય અથવા રાજયપાલશ્રીના ઉદ્‌બોધન અથવા મંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનમાં એ અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એટલા માત્રથી આવી યોજનાઓની જાહેરાત કરી શકાય અથવા શરૂ કરી શકાય અથવા ચૂંટણીની જાહેરાત પછી જયારે આદર્શ આચાર સંહિતા અમલમાં હોય, ત્યારે તે હાથ ધરી શકાય એવો અર્થ થતો નથી કારણ કે તે સ્પષ્ટપણે મતદારોને પ્રભાવિત કરી શકે. જો આવુ કોઈ કાર્ય હાથ ધરવામાં આવે તો તેને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

૪. સરકારી યોજનાઓને નવી મંજૂરીઓ આપવી નહિ. રાજકીય સત્તાધિકારીઓ (મંત્રીઓ વિગેરે) સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારીઓ દ્વારા સમીક્ષા અને લાભાર્થી લક્ષી યોજનાઓની કાર્યવાહી ચાલુ હોય તો પણ ચૂંટણી પુરી થાય ત્યાં સુધી તે બંધ રાખવી. રાજય ચૂંટણી પંચની પૂર્વમંજૂરી વિના રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી ચાલુ હોય એવા કોઈપણ ભાગમાં કલ્યાણ યોજનાઓ માટે નવુ ફંડ છુટુ કરવું નહિ અને સોંપાયેલા કામો અંગે કામગીરી કે કોન્ટ્રાકટ કરવા નહિ. તેમાં રાજયમાં કોઈ આવી યોજના અમલમાં હોય તો તેવી યોજનાઓ તેમજ **સંસદસભ્ય (રાજયસભાના સભ્ય સહિત) ના સ્થાનિક વિસ્તાર વિકાસ નિધિ અથવા ધારાસભ્યના સ્થાનિક વિસ્તાર વિકાસ નિધિ હેઠળના કાર્યોનો સમાવેશ થાય છે.**

૫. અનાવૃષ્ટિ, પૂર, મહામારી, અન્ય કુદરતી આફતોનો ભોગ બનેલા લોકોને રાહત પુરી પાડવા જેવી અણધારી આફતોને હલ કરવા માટે અને વૃધ્ધો, અશકતો વિગેરે માટે કલ્યાણકારી પગલાં હાથ ધરવા માટેની યોજનાને મંજૂરી આપવા અંગે પંચ મનાઈ કરતું નથી. આમ છતાં, આ બાબતોમાં રાજય ચૂંટણી પંચની પૂર્વમંજૂરી લેવી અને તમામ ભપકાદાર સમારંભો સંપૂર્ણ ટાળવા તેમજ એવી છાપ ઉભી ન થવા દેવી કે, સરકાર અથવા / અને સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ કલ્યાણકારી પગલાં અથવા રાહતો, પુનર્વસવાટ કાર્યો શાસક પક્ષની તરફેણમાં મતદારને પ્રભાવિત કરે છે અને સાથે સાથે અન્ય પક્ષોના ભાવિને વિપરીત અસર કરે છે.

## (૧૧) <u>સરકારી યંત્ર સામગ્રીના દુરૂપયોગ અંગે :-</u>

૧. ચૂંટણી – વિષયક કામગીરી માટે સરકારી વાહનોનો ઉપયોગ કરી શકાશે નહિ. નીચે દર્શાવેલ બધી કચેરીઓના વાહનોનો **" સરકારી વાહનો "** માં સમાવેશ થાય છે.

- કેન્દ્ર સરકાર
- રાજય સરકાર
- કેન્દ્ર અને રાજય સરકારના જાહેર ઉપક્રમો
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ
- ખરીદ – વેચાણ બોર્ડ ( ગમે તે નામથી જાણીતા હોય )
- સહકારી મંડળીઓ
- કોઈપણ સંસ્થા, જેમાં જાહેર નાણાંની કુલ રકમના નાના હિસ્સાનું રોકાણ કરવામાં આવતું હોય
- કેન્દ્ર અને રાજય સરકાર હેઠળના સંરક્ષણ મંત્રાલય અને કેન્દ્રીય પોલીસ સંગઠનોની માલિકીના વાહનો

૨. કેન્દ્ર અથવા રાજય સરકારના મંત્રીઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પદાધિકારીઓ ખાનગી મુલાકાતો માટે પોતાના ખાનગી વાહનોનો ઉપયોગ કરી શકે છે. આવી ખાનગી મુલાકાતો માટે તેઓનો સરકારી અંગત કર્મચારી વર્ગ તેઓની સાથે લઈ જઈ શકશે નહિ. આમ છતાં જો તેઓને કોઈ આકસ્મિક પરિસ્થિતિમાં સરકારી કામકાજ માટે જ તેમના મુખ્ય મથક બહાર, મુસાફરી કરવાનું થાય કે જેને જાહેર હિતમાં ટાળી શકાય તેમ ન હોય તો સંબંધિત વિભાગ / સંસ્થા / કચેરી/ અથવા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાના સભ્ય / સચિવ અથવા કચેરી / સંસ્થાના વડા કે મંત્રીશ્રી જે સ્થળની મુલાકાત લેવા ઈચ્છતા હોય તેની વિગત સહ રાજયના મુખ્ય સચિવને અથવા / અને કલેકટરશ્રીને આ મતલબનું પ્રમાણપત્ર આપતો પત્ર પાઠવવો અને તેની એક નકલ રાજય ચૂંટણી પંચને પાઠવવી. આવા પ્રવાસ દરમ્યાન મુખ્ય સચિવ, મંત્રીશ્રીને / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના સભ્યને તેમની સરકારી મુસાફરી માટે, સરકારી વાહન અને આવાસની રાબેતા મુજબની સગવડો, વિગેરે પૂરી પાડી શકે છે. આમ છતાં આવી સરકારી મુસાફરી પછી તુરંત જ અથવા તે દરમ્યાન અથવા તેની સાથે કોઈપણ મંત્રીશ્રી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાના સભ્ય, ચૂંટણી ઝુંબેશ અથવા રાજકીય પ્રવૃત્તિ કરી શકશે

નહિ. રાજય ચૂંટણી પંચ તેના સચિવના પરામર્શમાં રહીને આવી વ્યવસ્થા પર દેખરેખ રાખશે.

૩. કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના કોઈપણ મંત્રીશ્રી / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારી, મતદાર વિભાગ અથવા રાજયના ચૂંટણી સબંધિત અધિકારીને ચૂંટણીની જાહેરાત સાથે શરૂ થતા ચૂંટણીના સમયગાળા દરમ્યાન કોઈપણ સત્તાવાર ચર્ચા માટે બોલાવી શકશે નહિ. જયારે કોઈ મંત્રીશ્રી સબંધિત વિભાગનો હવાલો ધરાવવાની હેસિયતથી અથવા મુખ્યમંત્રીશ્રીના કિસ્સામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય અથવા કુદરતી આફત અથવા અન્ય કોઈ આકસ્મિકતા ઉભી થાય કે જેમાં દેખરેખ / સમીક્ષા / બચાવ / રાહત અને એવા બીજા ખાસ હેતુ માટે વ્યકિતગત મંત્રીશ્રીઓ / મુખ્યમંત્રીશ્રીની પ્રત્યક્ષ હાજરી જરૂરી હોય તેટલા પુરતો અપવાદ રહેશે.

૪. સરકારી વાહનોનો ઉપયોગ ફકત તેમના સરકારી રહેઠાણથી તેમની સરકારી કચેરી સુધી સરકારી કામકાજ અર્થે આવવા–જવા માટે કરી શકશે. પરંતુ શરત એ રહેશે કે આવી અવર– જવર કોઈ ચૂંટણી વિષયક કામગીરી અથવા રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી ન હોવી જોઈએ. મંત્રીશ્રીઓ, બોર્ડ / કોર્પોરેશનના બીન સરકારી પદાધિકારીઓ કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારીઓ સરકારી કામે, સરકારી વાહનમાં પ્રવાસ કરે ત્યારે જે ગામે ચૂંટણી હોય ત્યાં મુલાકાત લઈ શકશે નહિ અથવા રોકાણ કરી શકશે નહિ. ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સંબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહિ. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફટ, કાર, જીપ, ઓટોમોબાઈલ્સ, બોટ વિગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજય સરકારનાં જાહેર સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સોસાયટીઓ, જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતો તેમજ જાહેર નાણાંનો જરાપણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓના વાહનોનો ચૂંટણી પ્રચાર માટે બિલકુલ ઉપયોગ કરી શકાશે નહિ.

૫. કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના કોઈપણ મંત્રીશ્રીએ / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના ગ્રામ્ય તથા અન્ય સર્વે પદાધિકારીઓએ તેમની સરકારી મુસાફરીને ચૂંટણીની કામગીરી સાથે જોડવી નહિ.

૬. રાજય વહીવટી તંત્રને આવી મુલાકાતો વખતે રાજકીય પદાધિકારીઓ સાથે સશસ્ત્ર રક્ષકોની હાજરી જરૂરી જણાતાં તેમને સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવ્યું હોય તો પણ કોઈપણ રાજકીય પદાધિકારીએ ખાનગી અથવા સરકારી મુલાકાત દરમ્યાન કોઈપણ માર્ગદર્શન (પાયલોટ) કાર અથવા કોઈપણ રંગની બીકન લાઈટવાળી કાર અથવા કોઈપણ પ્રકારની સાયરનવાળી કારનો ઉપયોગ, રાજય ચૂંટણી પંચની પૂર્વમંજૂરી સિવાય કરવો નહિ. સરકારી માલિકીના અથવા ખાનગી માલિકીના વાહનને આ લાગુ પડે છે.

૭. ચૂંટણી કાર્ય પ્રવૃત્તિ સંબંધિ મંત્રીશ્રીઓના પ્રવાસ દરમ્યાન ચૂંટણી ફરજો સાથે સંકળાયેલ જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ / કર્મચારીઓની મીટીંગ બોલાવવી નહિ / વિડીયો કોન્ફરન્સથી પણ મીટીંગ કરી શકાશે નહિ.

(૧૨) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરશે નહિ, અથવા વિવેકાધિન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરશે નહિ. (સરકારી કર્મચારી સિવાય) કોઈપણ જાતની પરિયોજના કે યોજનાની શિલારોપણ વિધિ કરશે નહિ અથવા માર્ગો બાંધી આપવા, પીવાના પાણીની સગવડ કરી આપવા વગેરે અંગે કોઈ વચનો આપશે નહિ. સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં કોઈપણ નિમણૂંક આપશે નહિ.

ચૂંટણી કામે પ્રવાસમાં આવતા કેન્દ્ર સરકારના કે અન્ય રાજયના મંત્રીશ્રીઓ અને બિનસરકારી પદાધિકારીઓ વગેરેને રાજયના અતિથિ ગણી શકાશે નહિ. જો તેઓને સરકારી અતિથિ ગૃહોમાં રહેવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હશે તો તેઓની પાસે નકકી કરેલ સામાન્ય દરોએ પુરેપુરી વસુલાત લેવાની રહેશે.

વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહિ અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે, પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું) નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહિ. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ (Casual Meeting) ને પણ મંજૂરી આપી શકાશે નહિ. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ / અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા–લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ / અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ / અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહિ. ઉપરાંત એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહિ તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ / અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિ.

રાજય સરકાર દ્વારા સંપૂર્ણ અથવા આંશિક નાણાંકીય સહાય મેળવતી કોઈપણ નાણાંકીય સંસ્થાએ કોઈપણ વ્યકિત કે કંપનીને આપેલી લોન આચાર સંહિતાનો અમલ કરવાના સમયગાળા દરમ્યાન માંડવાળ કરી શકાશે નહિ. તે જ રીતે આવી નાણાંકીય સંસ્થાઓએ લોન આપવાની રકમની જે મર્યાદા નકકી કરી છે તે મર્યાદા આચાર સંહિતાનો અમલ કરવાના સમયગાળા દરમ્યાન વધારી શકાશે નહિ.

પેટા ચૂંટણી દરમ્યાન સત્તાધારીપક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોનો અને સિધ્ધીઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો દ્વારા સરકારી ખર્ચે નહિ કરવાનું તેમજ સરકારી માધ્યમનો દૂરઉપયોગ ન થાય તે જોવાનું રહેશે. રાજય સરકારના સાહસો, સંયુકત સાહસો, નિગમો, બોર્ડ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ખરીદ વેચાણ સંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા / તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાંનો જરાપણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓ ઉપર જણાવ્યા પ્રમાણે જાહેરાત કે સિધ્ધીઓનો પ્રચાર વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો દ્વારા જાહેર ખર્ચે કરી શકશે નહિ.

પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, કોલેજો, વ્યવસાયિક શિક્ષણ આપતા સકુલો / મકાનો / સ્થળોનો ઉપયોગ કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર / ટેકેદારો / મંત્રીશ્રી, રાજકીય પ્રવૃત્તિ માટે કોઈપણ સંજોગોમાં કરી શકશે નહિ. અલબત્ત, રાજયમાં ચૂંટણી પ્રચારના હેતુ માટે મેદાનોની અછત હોવાથી શાળા અને કોલેજોના મેદાનોનો ઉપયોગ કરવા માટે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧: શાળા અને કોલેજના શૈક્ષણિક સમયપત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહિ.

૨: શાળા કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહિ અને શાળા / કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફીસરની અગાઉથી મંજૂરી લીધી હોવી જોઈએ.

૩: આવી મંજૂરી વહેલા તે પહેલાંના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનો એકહથ્થુ ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહિ.

૪: શાળા / કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી પંચ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સબ ડીવીઝનલ ઓફીસરની રહેશે.

૫ઃ રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નૂકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નૂકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ / પક્ષો મેદાન પરત સોંપતી વખતે નૂકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

**સામાન્ય આચારણ :**

⇨ **શું કરવું :–**

(૧) ચૂંટણીની જાહેરાત પહેલાં કોઈપણ ક્ષેત્રમાં ખરેખર શરૂ કરવામાં આવેલા ચાલુ કાર્યક્રમો ચાલુ રાખી શકાશે. પૂર, અનાવૃષ્ટિ, મહામારી અને અન્ય કુદરતી આફતોથી અસર પામેલા વિસ્તારોમાં લોકો માટે રાહત અને પુર્નઃવસવાટનાં પગલાં શરૂ કરી શકાશે અને ચાલુ રાખી શકાશે. જીવલેણ અથવા ગંભીર બિમારીવાળી વ્યકિતઓ માટે રોકડ અનુદાન અથવા તબીબી સગવડો યોગ્ય મંજૂરીઓ સાથે ચાલુ રાખી શકાશે.

(૨) તમામ પક્ષો / ચૂંટણી લડતા ઉમેદવારો માટે ચૂંટણી સભાઓ યોજવા માટે મેદાન જેવા જાહેર સ્થળો નિષ્પક્ષ રીતે ઉપલબ્ધ હોવા જોઈએ. એવી જ રીતે તમામ પક્ષો / ચૂંટણી લડતા ઉમેદવારોને સમાન તક મળે તે સુનિશ્ચિત કરવા માટે હેલીપેડનો ઉપયોગ પણ નિષ્પક્ષ રીતે ઉપલબ્ધ હોવો જોઈએ. અન્ય રાજકીય પક્ષો અને ઉમેદવારો અંગેના ટીકા–ટિપ્પણ, તેમની નીતિઓ, કાર્યક્રમો, ભૂતકાળનો રેકર્ડ અને કામગીરી સંબંધિત હોવાં જોઈએ. દરેક વ્યકિતનો શાંત અને ખલેલ રહિત ગૃહ જીવનનો અધિકાર સંપૂર્ણપણે સુરક્ષિત રહેવો જોઈએ.

(૩) સ્થાનિક પોલીસ સત્તાધિકારીઓને સૂચિત બેઠકના સ્થળ અને સમયની અને મેળવવામાં આવેલ તમામ જરૂરી મંજુરીઓ અંગેની સંપુર્ણ માહિતી સમયસર આપવી. સૂચિત સભાના સ્થળ ખાતે કોઈ પ્રતિબંધક અથવા નિષેધાત્મક હુકમો અમલમાં હોય તો તેનું ચુસ્તપણે પાલન કરવું. કોઈ કિસ્સામાં અપવાદ કરવો જરૂરી જણાય તો તે માટે અગાઉથી અરજી કરવી અને તે અંગેની મંજૂરી સમયસર મેળવી લેવી. સૂચિત સભાઓ માટે, લાઉડસ્પીકરો અથવા આવી અન્ય કોઈ સગવડોનો ઉપયોગ કરવા માટે મંજૂરી અવશ્ય મેળવવી.

(૪) સભાઓમાં ખલેલ પહોંચાડતી અથવા અન્ય રીતે અવ્યવસ્થા ઉભી કરતી વ્યકિતઓ સામે પગલાં લેવા માટે પોલીસની સહાય મેળવવી. કોઈપણ સરઘસ શરૂ કરવાનો સમય અને સ્થળ, જયાંથી સરઘસ પસાર થવાનું હોય તે રસ્તો તેમજ જે સ્થળે અને સમયે સરઘસ સમાપ્ત થવાનું હોય તે અગાઉથી નક્કી કરવું અને તે માટે પોલીસ સત્તા તંત્ર પાસેથી અગાઉથી મંજૂરી મેળવવી. સરઘસ જયાંથી પસાર થવાનું હોય તે સ્થળોએ કોઈ પ્રતિબંધિત હુકમ અમલમાં છે કે કેમ? તે સુનિશ્ચિત કરવું અને જો હોય તો તેનું સંપૂર્ણ પાલન કરવું. તેવી જ રીતે તમામ ટ્રાફિક નિયમો અને અન્ય નિયંત્રણોનું પણ પાલન કરવું. સામાન્યતઃ સરઘસ પસાર થવાનો માર્ગ ટ્રાફિક માટે અવરોધરૂપ ન હોવો જોઈએ.

(૫) શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત મતદાન સુનિશ્ચિત કરવા માટે તમામ ચૂંટણી અધિકારીઓને હંમેશા સહકાર આપવો. તમામ કાર્યકરોએ ઓળખકાર્ડ અવશ્ય સાથે રાખવાં. મતદારોને આપેલ અનધિકૃત ઓળખ કાપલી કોરા (સફેદ) કાગળ પર હોવી જોઈએ અને તેના પર ઉમેદવારનું ચૂંટણીનું પ્રતિક, નામ અથવા પક્ષનું નામ હોવું જોઈએ નહિ. ચૂંટણી ઝુંબેશના સમયગાળા દરમ્યાન અને ચૂંટણીના દિવસે વાહનોના ઉપયોગ ઉપરના પ્રતિબંધનું પૂરેપૂરૂ પાલન કરવું.

(૬) મતદારો, ઉમેદવારો અને તેમના ચૂંટણી / મતદાન એજન્ટ સિવાય, રાજય ચૂંટણી પંચનો અથવા જિલ્લા ચૂંટણી અધિકારીનો ખાસ માન્ય અધિકૃત્તિ પત્ર ધરાવતી વ્યકિતઓ જ મતદાન મથકમાં પ્રવેશ કરી શકશે. ઉચ્ચ પદ ધરાવતા પદાધિકારીઓને (દા.ત. મુખ્યમંત્રી, મંત્રી, સંસદસભ્ય અથવા ધારાસભ્ય) વિગેરેને પણ આ શરતમાંથી મુકિત મળતી નથી. ચૂંટણીની આચાર સંહિતા સંબંધી કોઈપણ ફરિયાદ અથવા મુશ્કેલી હોય તો રાજય ચૂંટણી પંચ / ચૂંટણી અધિકારી / જિલ્લા ચૂંટણી અધિકારી / રાજય ચૂંટણી પંચે નિયુકત કરેલા નિરીક્ષકના ધ્યાન ઉપર લાવવી. ચૂંટણીના જુદા જુદા પાસા સંબંધી તમામ બાબતોમાં ચૂંટણી અધિકારી અને જિલ્લા ચૂંટણી અધિકારીએ રાજય ચૂંટણી પંચના આદેશો / હુકમો સૂચનાઓનું પાલન કરવું. તમે જે તે મતદાર વિભાગ / વોર્ડના, મતદાર અથવા ઉમેદવાર અથવા ચૂંટણી એજન્ટ ન હોય તો ચૂંટણી ઝુંબેશનો સમયગાળો પૂર્ણ થયા પછી તે મતદાર વિભાગ / વોર્ડ છોડી દેવો.

(૭) <u>લાઉડ સ્પીકરના ઉપયોગ બાબત :–</u>

(૧) કોઈ જાહેર સભા માટે, સરઘસ માટે, સામાન્ય પ્રચાર માટે ફરતા વાહનો અથવા અન્યથા ઉપયોગમાં લેવાતા વાહનો ઉપર લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિતોએ રાજય સરકારના સક્ષમ સત્તાધિકારીઓ અને ચૂંટણી અધિકારીની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. સક્ષમ સત્તાધિકારીની લેખિત પરવાનગી વગર જે વાહન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા જણાશે તો તે વાહન વિગેરે જપ્ત કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવશે. તદઉપરાંત લાઉડ સ્પીકરના ઉપયોગ વખતે જાહેર પર્યાવરણ અને શાંતીનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

(૨) ચૂંટણીની જાહેરાતની તારીખથી શરૂ થતી અને ચૂંટણીના પરિણામની તારીખે પુરી થતી સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીના કાર્યના હેતુ માટે કોઈપણ પ્રકારના ગમે તે વાહન ઉપર ફીટ કરેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી સવારના ૮–૦૦ કલાકથી રાત્રીના ૧૦–૦૦ કલાકની વચ્ચે જ આપવામાં આવશે. આ સિવાયના સમયગાળાની લાઉડ સ્પીકરની પરવાનગી આપવી નહિ. સ્થાનિક કાયદા અને વિસ્તારની જરૂરીયાતના સ્થાનિક ખ્યાલ અને મોસમની સ્થિતિ, ઉત્સવ, પ્રસંગ, પરીક્ષા સમય ખાસ કરીને વિદ્યાર્થીઓ, વૃધ્ધો, બીમાર અને અશકત વ્યકિતઓની શાંતિ અને સ્વસ્થતામાં ખલેલ પહોંચે નહિ વિગેરે બાબતોને આધીન રહેશે. કોઈપણ મતદાર વિસ્તારમાં ચૂંટણી પૂર્ણ થવાના ઠરાવેલ કલાકો સહિત પુરી થતી ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર કરવા પર પ્રતિબંધ છે. તેથી તેમાં કોઈ ચૂક ન થાય કે તેનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

(૮) <u>મિલ્કતોનો બગાડ થતો અટકાવવા બાબત :–</u>

કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવારોએ, કાર્યકરોએ, સમર્થકો દ્વારા ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટિસ લગાવવા, સુત્રો લખવા માટે કોઈ જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ, હાઈવે અથવા બે માર્ગો ક્રોસ થતા હોય ત્યાં દિશાસૂચક સાઈનબોર્ડ, હાઈવે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસીંગ પાસે ચેતવણીના બોર્ડ, રેલ્વે–બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલ કોઈ નોટિસ બોર્ડ વિગેરે જાહેર અથવા ખાનગી મિલ્કતોનો બગાડ કરવાનો રહેશે નહિ. જાહેર / ખાનગી માલિકીની મિલ્કતો ઉપર સંબંધિતોની પરવાનગી વગર માલ–મિલ્કતનો બગાડ કરી શકાશે નહિ. પરવાનગી અપાયેલ દિવાલો, મકાનોને મૂળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સંબંધિત રાજકીય પક્ષ – ઉમેદવારની રહેશે. માલ મિલ્કત પર ચૂંટણી વિષયક લખાણ દૂર કરવાનો ખર્ચ સંબંધિત પક્ષો, ઉમેદવારો પાસેથી રાજય સરકારે વસુલ કરવાનો રહેશે. માલ મિલ્કત વિરૂપ થવાનું અટકાવવા માટે કોઈ ખાસ કાયદો લાગુ પાડવામાં આવેલ ન હોય ત્યારે જનરલ લો હેઠળ દા.ત. ભારતીય દંડ સંહિતાની કલમો–૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૩૩ વિગેરે હેઠળ અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૩૩ હેઠળ દંડનીય પગલા સક્ષમ સત્તાધિકારી દ્વારા લઈ શકાશે.

**(૯) ચોપાનિયા ભીંતચિત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા / લગાવવા પર નિયંત્રણ :–**

૧: રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક રાચપ--ચટણ--ચખમ–સ્થા.સ્વ.–૬–૧૨૦૦૯--૬, તા.૧૬--૧--૨૦૦૯ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં ચૂંટણી લડતા ઉમેદવારોએ જે તે ચૂંટણી માટે કરવાના થતા ખર્ચની મર્યાદા નકકી કરેલ છે. આ મર્યાદાઓ ધ્યાનમાં રાખી કોઈપણ ઉમેદવાર ચૂંટણી માટે ગમે તેટલી રકમ અનઅધિકૃત રીતે ખર્ચ કરી શકશે નહિ. આ બાબતનો ચૂંટણી લડતા ઉમેદવારોએ અને જે તે રાજકીય પક્ષોએ અમલ કરવાનો રહેશે. ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા વિશાળ કટઆઉટ, જાહેરાતના પાટીયા, બેનરો વિગેરે કોઈપણ જાહેર સ્થળે મૂકવા નહિ. આવા કટઆઉટ, બેનર્સ લગાવવા માટે જાહેર સ્થળો, ખાનગી માલીકીની મિલ્કતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવવાની રહેશે.

– હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ X ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહિ.
– કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહિ.
– કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ શહેર / જિલ્લા મ્યુનિસિપલ / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને તેમજ પોલિસ કમિશ્નર / જિલ્લા પોલિસ અધિક્ષકને કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટઆઉટ વિગેરે મૂકેલ હોય તે વિસ્તારના ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

કોઈપણ રાજકીય પક્ષે અથવા કોઈ અન્ય એસોસીએશન સંસ્થાએ કે વ્યકિતએ ભારતીય દંડ સંહીતાની કલમ--૧૭૧ અન્વયે વૈધાનિક અથવા આદેશાત્મક રીતે ફરમાવેલ હોય તે પ્રમાણે જે ઉમેદવારની ચૂંટણી સદરહુ કટઆઉટ, હોર્ડીંગ્સ વિગેરેથી પ્રોત્સાહિત અથવા ઉપલબ્ધ બનાવવા ધાર્યુ હોય તે ઉમેદવારના સામાન્ય અથવા ખાસ અધિકારપત્ર વિના કોઈ કટઆઉટ, હોર્ડીંગ્સ, ભીતચીત્ર, ધ્વજ, બેનર્સ, વર્તમાનપત્રિય જાહેરાત વિગેરે પ્રસ્થાપિત કરવા નહિ. સૂચિત જગ્યા પર આવા કટઆઉટ, હોર્ડીંગ્સ વિગેરે પ્રસ્થાપિત કરવાથી આમ જનતાની સુરક્ષા અને સલામતી તેમજ ટ્રાફિક વિગેરેને અડચણરૂપ, બીજા જોખમ ઉભા થતા નથી તેની સક્ષમ સત્તાધિકારીઓની પરવાનગી મેળવવાની રહેશે અને સંબંધિતોએ તેની કાળજી રાખવાની રહેશે.

રાજય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી જાહેર કરે કે તરત જ જિલ્લા મેજીસ્ટ્રેટે ચૂંટણીની આવી જાહેરાતના સાત દિવસની અંદર જિલ્લાના તમામ છાપખાનાને લખી જણાવવુ. જેમાં તેમણે કોઈ ચૂંટણીના ચોપાનિયા, ભીતચિત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, બેનર્સ વિગેરેના છાપવામાં મુદ્રક અને પ્રસિધ્ધકર્તાનું નામ અને સરનામુ તેમજ તેમણે છાપેલ બીજુ લખાણ પ્રિન્ટ લાઈનમાં સ્પષ્ટ જણાવવા સૂચના આપવી.

૨: છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પૂર્વગ્રહ ઉભો કરતા અથવા ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચારિત્ર પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહિ.

૩: છાપકામ કરેલ વિગતો સંબંધિત શહેર / જિલ્લા મ્યુનિસિપલ / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને અચૂક મોકલવાની રહેશે. છાપકામની વિગતોની જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જરુરી ચકાસણી કરવાની રહેશે. કોઈપણ ચૂંટણીની બાબતો છાપવાનું હાથ પર લેતાં પહેલાં

છાપનારે છપાવનાર પાસેથી નિયત કરેલ નમુના મુજબનું એકરારનામુ મેળવવાનું રહેશે. એકરારનામામાં છપાવનારની સહી, બે અંગતરીતે ઓળખતા હોય તેવા સાક્ષીઓએ પ્રમાણિત કરવી.

૪: છાપકાપની કોઈપણ બાબતમાં ઉપરોક્ત સૂચનાઓનું ઉલ્લંઘન ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે અને ઉલ્લંઘન કરનારાઓ સામે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કાયદાકીય કાનુની કાર્યવાહી કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરી શકાશે.

## (૧૦) <u>મતદાન મથકની આજુબાજુના પ્રતિબંધિત વિસ્તારમાં કાયદો – વ્યવસ્થા જાળવવા સહયોગ આપવા અંગે :-</u>

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ઉમેદવારો તેઓના કાર્યકરો દ્વારા મતદાન મથક નજીક મતદાન મંડપ ઉભા કરતી વખતે કાયદો – વ્યવસ્થા જાળવવા નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈશે.

-- મતદાન મથકની ૨૦૦ મીટરની અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહિ અને એકજ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકાથી / વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહિ.

-- આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તામંડળની લેખિત પરવાનગી મેળવવી અને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જાણ કરવી જોઈશે.

-- મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ / ચિન્હ પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલું હોવું જોઈએ નહિ.

-- મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા / એકત્ર થવાની છૂટ આપવી નહિ.

-- મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી. મતદાર કોઈપણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈપણ પ્રકારે કોઈ દ્વારા તેને અટકાવી શકાશે નહિ. મંડપમાંના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

-- કાયદો – વ્યવસ્થા જાળવવામાં હરકત થશે તો મંડપ દૂર કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધારી કરી શકશે.

## (૧૧) <u>ચૂંટણી ખર્ચ બાબત :-</u>

ચૂંટણી લડતા ઉમેદવારોએ ચૂંટણી ખર્ચની મર્યાદા જાળવવા રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક રાચપ–ચટણ–ચખમ–સ્થા.સ્વ.–૬–૧૨૦૦૯–ક, તા.૧૬–૧–૨૦૦૯ માં આપવામાં આવેલી સૂચનાઓ મુજબ અમલ કરવાનો રહેશે. તેમજ નિયમાનુસાર ચૂંટણી અંગેના ખર્ચના પોતાના હિસાબો સક્ષમ અધિકારી સમક્ષ સમય મર્યાદામાં રજૂ કરવા.

## (૧૨) અધિકારીઓની બદલીઓ અને નિમણુંક ઉપર પ્રતિબંધ :-

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટણીના સંચાલન સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ / કર્મચારીઓની બદલી પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આમા નીચેનાનો સમાવેશ થાય છે પણ આ બાબતો પુરતો સીમીત નથી.

૧: રાજય ચૂંટણી પંચના વર્ગ--૧ તથા વર્ગ--૨ ના અધિકારીશ્રીઓ

૨: રાજય ચૂંટણી પંચના વર્ગ–૩ તથા વર્ગ–૪ ના કર્મચારીઓ

૩: ચૂંટણીના સંચાલન સાથે સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીઓ, ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને અન્ય મહેસુલી અધિકારીઓ / કર્મચારીઓ

૪: ચૂંટણી વ્યવસ્થા સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ જેવા કે, રેન્જ આઈ.જી., ડી.આઈ.જી., સીનીયર પોલીસ અધિક્ષક, પેટા / પ્રભાગીય કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓ જેવા કે, નાયબ પોલીસ અધિક્ષક અને અન્ય પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ.

૫: ચૂંટણી કામગીરી માટે પસંદ કરાયેલા સેકટર તથા ઝોનલ અધિકારીઓ જેવા અન્ય અધિકારીઓ, પરિવહન એકમ, ઈ.વી.એમ. એકમ, ચૂંટણીલક્ષી સામગ્રી માટેના પ્રાપ્તિ અને વહેંચણી એકમ, તાલીમ એકમ, મુદ્રણ એકમ, વગેરે સીનીયર અધિકારીઓ કે જેઓને રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી વ્યવસ્થાની કામગીરી સોંપવામાં આવી હોય તેઓને પણ આ સૂચનાથી આવરી લેવામાં આવ્યા છે.

૬: જાહેરાતની તારીખ અગાઉ ઉકત કક્ષાના અધિકારીઓની બાબતમાં બદલીના હુકમો થયા હોય પરંતુ આદર્શ આચારસંહિતા અમલમાં આવે ત્યાં સુધીમાં તેનો અમલ કરવામાં આવ્યો ન હોય તો રાજય ચૂંટણી પંચની લેખિત અને સ્પષ્ટ મંજુરી મેળવ્યા સિવાય તેનો અમલ કરવો નહિ.

૭: સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીની કાર્યવાહી પુરી થાય ત્યાં સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે.

૮: એવા કેસો જયાં વહીવટી આવશ્યકતાને કારણે અધિકારીઓની બદલી જરૂરી જણાઈહોય, ત્યાં રાજય સરકાર અગ્રીમ લેખિત મંજૂરી માટે રાજય ચૂંટણી પંચને લેખિત ભલામણ કરી શકે છે.

૯: રાજય ચૂંટણી પંચની પૂર્વમંજૂરી સિવાય આ સમયગાળા દરમ્યાન સરકારી સેવા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ / જાહેર ઉપક્રમોમાં કોઈ નિમણૂંક કે બઢતીથી નિમણૂંક આપી શકાશે નહિ.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

( પી. એસ. શાહ )
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

પ્રતિ,

⇨ માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

⇨ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )

- ⇨ માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- ⇨ સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.( માન. મંત્રીશ્રીઓના ધ્યાને મુકવાની વિનંતી સહ)
- ⇨ માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ⇨ મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- ⇨ સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- ⇨ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ⇨ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- ⇨ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- ⇨ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- ⇨ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- ⇨ શહેર /જિલ્લા મ્યુનિસિપલ/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ
  (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ/ કચેરીઓ/પક્ષોને આ અંગે ચૂંટણીના સમયે જાણ કરવાની વિનંતી સહ)
- ⇨ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તમામ
- ⇨ પોલીસ કમિશ્નરશ્રી તમામ
- ⇨ પોલીસ અધિક્ષકશ્રી તમામ
- ⇨ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
- ⇨ મામલતદારશ્રી તમામ (મારફત સંબંધિત કલેકટરશ્રી)
- ⇨ તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ (મારફત સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી)
- ⇨ મુખ્ય અધિકારીશ્રી તમામ નગરપાલિકાઓ
- ⇨ સર્વે રાજકીય પક્ષો
- ⇨ માહિતિ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
  (બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી છે.)
- ⇨ રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર
- ⇨ સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર
- ⇨ રાજય ચૂંટણી પંચના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ